Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગણાં ના ગીતો



• નિરંજન વર્મા • જયમલ્લ પરમાર •

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥

ॐ ओ३म् ॥

पुस्तक-संख्या ५४४

पंजिका-संख्या २१७६०/२६.३.२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ: પુ. ૧

આંગણાનાં શણગાર

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं. ५४.ग.१४
आगत सं. २१६८०...
दि. २८-३-८२
गुरुकुल ग्रन्थालय काँगडी.

લેખકો:
નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CHECKED 1973
Initial

સ્ટૉક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

ભા ર તી સા હિ ત્ય સં ધ
૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણ પુસ્તકમાળા

આવૃત્તિ પહેલી

૧૦૦૦

જૂન - ૧૯૪૪

[સર્વ હક્ક લેખકોને સ્વાધીન]

મૂલ્ય

૦-૧૦-૦

• પ્રકાશક •

લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી સાહિત્ય સંઘ
ભીમાળી સોસાયટી • અમદાવાદ

• મુદ્રક •

ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ • રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

સ્વ. ઉષાને તથા હિમુ-બિપિનને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાતી બાલસાહિત્યમાં પક્ષી વિષે શાસ્ત્રીય જ્ઞાન આપનારાં પુસ્તકો હજી સુધી બહાર પડયાં નથી. એકાદ–બે પુસ્તિકાઓ બહાર પડી છે ખરી, પણ એ આ વિષયની ખોટ પૂરી પાડી શકે તેવી નથી. આ 'પક્ષી–પરિચય ગ્રંથાવલિ'નો ઉદ્દેશ એ ખોટને પૂરી પાડવાનો છે.

તદ્દન શાસ્ત્રીય જ્ઞાન બાળકોને અઘરું ન થઈ પડે એ માટે તેની લેખનશૈલીને રસિક કરવા માટે બાળકો નાનપણથી જે જોડકણાં, ગીત અને વાર્તાઓ દ્વારા સહેજે પક્ષીઓના પરિચયમાં આવેલ હોય છે તેનો આમાં ઉપયોગ કર્યો છે. અલબત્ત, એ ગીતો–વાર્તાઓમાં જે વસ્તુ અ-શાસ્ત્રીય માલૂમ પડી છે એ તરફ શાસ્ત્રીય હકીકત રજૂ કરી લક્ષ દોરવામાં આવ્યું છે.

દરેક પુસ્તિકામાં આપેલ પક્ષીઓનું ઝૂમખું શાસ્ત્રીય વર્ગીકરણ પ્રમાણે નથી ગોઠવ્યું, પણ બાળકોનું આકર્ષણ સાદ્યંત જળવાઈ રહે એ હેતુથી પક્ષીઓના ઓછા–વધતા સ્વ-ભાવસામ્યને ખ્યાલમાં રાખીને ગોઠવ્યું છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગણાનાં શણગાર

૧. ચકલી

૨. કાબર

૩. પારેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ • નુ • ક્રં • મ

૧. ચકલી ૭–૨૧

૨. રાજી ૨૧

૨. કાબર ૨૨–૩૮

૨. બબ્બઈ અથવા પાવૈ ૩૨

૩. શિવાજી અથવા ઘોડાકાબર ૩૪

૪. વૈયાં ૩૬

૩. પારેવાં ૩૯–૫૬

૨. હરિયાળ ૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરની રાણી
ચકલી



ચાર-પાંચ છોકરાં ટોળે વળ્યાં છે. આડીઅવળી રમતો રમે છે, પણ મજા પડતી નથી. પાસેથી મોટી બહેન નીકળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાં ભાંડરડાં કહે છેઃ 'મોટી બહેન, અમને રમત રમાડો ને!' મોટી બહેન હા પાડે છે અને છોકરાં ગોળ કૂંડાળે બેસી જાય છે. વચ્ચે મોટી બહેન આવીને બેસે છે. બધાંની હથેળીઓ વચ્ચે મુકાય છે. મોટી બહેન સૌની હથેળીમાં કોણી મારતી જાય છે અને ગાતી જાય છેઃ

ચકી ચોખા ખાંડે છે,
મોર પગલાં પાડે છે,
પીતાંબર પાણી ઢોળે છે.

રમતમાં અર્ધો-પોણો કલાક ચાલ્યો જાય છે, એની કોઈ ને અબરેય નથી પડતી.

*

નાનાં ભાંડુડાં કજિયે ચડયાં છે. તરત મોટી બહેન આવી પહોંચે છે. તે કહે છેઃ 'ચાલો ચકલી-પોપટ રમીએ.' એમ કહેતાં તો રોતાં છોકરાં ચૂપ થઈ જાય છે અને બહેને ઊંચી ધરી રાખેલી હથેળી નીચે પોતપોતાની આંગળીઓ ગોઠવી દે છે. મોટી બહેન પૂછતી જાય છે અને નાનાં ભાંડુડાં જવાબ દેતાં જાય છેઃ

'ચકલીને ચણ નાખશો જી?'
'હા જી'
'પોપટને પાણી પાશો જી?'
'હા જી'

બધાં બાળકોનાં મન બહેનને જવાબ દેવામાં રોકાયાં હોય છે. અચાનક બહેન હુકમ આપે છેઃ

'ચકલી, પોપટ, ઊડી...જજો!'

પણ એક-બે ભાંડુડાં એમ ને એમ બેઠાં રહે છે, પોતાની આંગળી ઊંચી શકતાં નથી, અને તે આંગળીને મોટી બહેન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂઠીમાં પકડી પાડે છે. બીજા હાથથી બહેન તેમને શરીરે 'ચક.... ચક....ચક' એમ બોલીને ગદ્દગદિયાં કરે છે અને બાળકો ખિલ-ખિલાટ હસી પડે છે. ઘડીવાર પહેલાં રોતાં બાળકો હસતાં હસતાં રમવા દોડી જાય છે.

*

વાછરડાં લઈ ને ગામડાનાં છોકરાં ગામ બહાર નીકળી પડ્યાં છે. તરસ્યાં થતાં નદીકાંઠે ભેગાં થાય છે. પોતાને હાથેથી નદીની રેતીમાં તેઓ વીરડા ગાળે છે, પણ તાજા વીરડાનાં પાણી તો ડહોળાં છે, તે આછરે કેમ ! તરત જ બાળકો સફેદ કાંકરીઓ ભેગી કરે છે અને વીરડા પર તે ધરી રાખીને બોલવા લાગે છે:

ચકી ! ચકી !
ડહોળાં ડહોળાં પાણી પી...જજે,
તાજાં તાજાં રા...ખજે !

એમ કહીને પેલી સફેદ કાંકરી ડગ દઈને પાણીમાં નાખે છે. એક પછી એક બધાંની કાંકરી પડતી જાય છે, તરસ ભુલાઈ જાય છે અને ચકી–કાંકરીની રમત ચાલ્યા કરે છે. હળવે હળવે ડહોળાં પાણી ચોખ્ખાં થાય છે. વીરડાને તળિયે સફેદ કાંકરી પાણી સોંસરવી દેખાય છે. બાળકો માને છે કે ડહોળાં પાણી ચકલી જ પી ગઈ. તેઓ રાજી થતાં થતાં ખોબા ભરી ભરીને પાણી પીવા લાગે છે.

*

રાત પડી છે. ઘરનાં વડીલો કામકાજ અને વાતોચીતોમાં રોકાયાં છે. એક ખૂણે ઢાંકીમાં બાજર ઘસતાં બેઠાં છે. નાનાં બાળકો તેમની આસપાસ વીંટળાઈ જાય છે અને કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દાદીમા, વાર્તા કહો ને!' દાદીમા દાતણ એક બાજુ મૂકીને વાર્તા શરૂ કરે છેઃ

એક હતો ચકો અને એક હતી ચકી. ચકી લાવી ચોખાનો દાણો અને ચકો લાવ્યો મગનો દાણો. એની રાંધી ખીચડી. ચૂલા પર ખીચડી ચડે છે ને ચકીબાઈ તો પાણી ભરવા ચાલ્યાં છે. પાછળથી ચકોભાઈ બધી ખીચડી ખાઈ ને આંખે પાટા બાંધીને સૂઈ ગયા.

ચકી આવીને પૂછે છેઃ 'ચકારાણા, ચકારાણા! ખીચડી કયાં?'

ચકોરાણો કહેઃ 'મારી તો આંખો દુઃખે છે તે પાટા બાંધીને સૂતો છું. રાજાનો કૂતરો આવ્યો હતો તે ખાઈ ગયો હશે.'

ચકીબાઈ તો દરબારમાં પહોંચ્યાં છે. કહેઃ 'રાજાજી! ફરિયાદ, ફરિયાદ!'

રાજાએ તો કૂતરાને બોલાવ્યો છે, ઊંધે માથે ટાંગ્યો છે, પણ પેટમાંથી કાંઈ નીકળતું નથી. રાજાએ ચકારાણાને તેડાવ્યો છે, કૂવામાં ઊંધે માથે ટાંગ્યો ત્યાં તો ચકોભાઈ માની ગયા. ચકીબાઈ કહેઃ 'હત મારા રોયા! મારી પાસે બોટું બોલ્યો?'

*

ચકાભાઈ એક વખત ચકલી માટે ચડાઈ લઈ ને ઊપડેલા. એક મોચીએ ચકલીને મારી નાખી તેથી મલોખાંની ગાડી બનાવીને તથા તેને ચાર દેડકા જોડીને ચકાભાઈ તો ઊપડ્યા. રસ્તામાં છાણનો પોદળો મળ્યો. તેણે પૂછ્યું : 'ચકલાભાઈ, કયાં ચાલ્યા?' તો કહે :

'અટક મટકકી ગાડી બનાઇ,
મેડક જોડયા ચાર,
મોચીએ મારી ચરકલડી
ને ચકલાભાઇ વેર વાળવા જાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોદળો કહે : 'મને સાથે લેશો ?' ચકલાએ તેને ગાડીમાં બેસાડી દીધો. આ રીતે રસ્તામાં કબૂતર, વીંછી, વટાણા, કાંટાની વાડ વગેરે મળ્યાં. બધાંએ સાથે આવવા ઇચ્છા જણાવી અને ચકલાએ તેમને ગાડીમાં બેસાડી દીધાં.

સાંજ પડયે મોચીને ઘેર પહોંચ્યાં. મોચી બહાર ગયેલો એટલે ઉંબરા પર છાણના પોદળાને, ગોબલામાં દીવાસળીની પેટીની જગ્યાએ વીંછીને, ચૂલા આગળ રાખમાં કબૂતરને, ચોકમાં વટાણાને અને વાડામાં કાંટાને ચકલાએ રાખી દીધાં.

રાતે મોચી આવ્યો. ઉંબરા પર પગ મૂકતાં છાણમાં પડયો ને લપસી પડયો. દીવો કરવા દીવાસળી લેવા ગયો ત્યાંથી વીંછી કરડયો. મોચી ચીસ પાડીને નાઠો. ચૂલામાંથી દેવતા લઈ દીવો સળગાવવા ગયો ત્યાં કબૂતરે પાંખો ફફડાવી અને આંખમાં ઊની ઊની રાખ ગઇ. ત્યાંથી ચોકમાં ગયો તો વટાણા પર પગ પડતાં લપસી પડયો. ત્યાંથી બૂમો પાડતો પાછલે બારણેથી નાસવા ગયો ત્યાં કાંટા વાગ્યા. બીચારો મોચી આખી રાત બહાર બેસી રહ્યો.

સવારે ચકલાભાઇએ કહ્યું : 'મારી ચકલી મારી તેનું આ પરિણામ !' મોચીએ તેની માફી માગી અને તેને સોનાની ચકલી કરાવીને ભેટ આપી.

*

નવરાત્રિના દિવસો આવ્યા છે. છ, આઠ, દસ, બાર વર્ષની નાની નાની છોકરીઓ સાંજ પડયે માથે ગરબા મૂકીને પાડોશનાં ઘેર ઘેર ઘૂમે છે. ગરબો નીચે ઉતારે છે ત્યાં ઘરનાં નાનાં બાળકો તેમની આસપાસ ટોળે વળે છે. છોકરીઓ ગીત ગાવું શરૂ કરે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચકલી તારા ખેતરમાં મેં ઝીંઝવો વાવ્યો,
ઝીંઝવે ચડી જોઉં તો કોઇ માનવી આવે,
લીલી ઘોડી પીળો ચાબખો રતિભાઇ આવે,
ધૂંધરિયાળી વેલ્યમાં નાની વહુ આવે–

ગીત ગવાતું જાય છે અને સાંભળવા બેઠેલાં બાળકોનાં મનમાં ચકલી, એનું ખેતર, તેમાં વાવેલો ઝીંઝવો, તેના પર ચડવું–વગેરે વસ્તુઓ વાર્તાની જેમ સંકળાતી આવે છે અને બાળકો છેવટ સુધી બેઠાં રહે છે.

*

નાનાં બાળકો મોટાં થાય છે. બહેન પરણીને સાસરે જાય છે. ભાઇ કમાતો થાય છે. બહેનને સાસરામાં દુઃખ પડવા લાગ્યાં છે. ભાઇ બહેનની સંભાળ લેવા તેને સાસરે જાય છે. પણ બહેનનાં લુચ્ચાં સાસરિયાંએ ભાઇ અને બહેનને મળવા જ ન દીધાં. ભાઇ એમ ને એમ પાછો વળ્યો. પાછળથી બહેનને ખબર પડી ત્યારે એણે ગાયું કે :

જો રે સરજી હોત ચરકલડી
મારા વીરને ભાલે બેસી જાત જો !
જો રે સરજી હોત વાદળડી,
મારા વીરને છાંયો કરતી જાત જો !

*

આડોશપાડોશમાં જુવાન પુરુષ મરણ પામેલ છે. તેની સ્ત્રી અસહાય બની ગઈ છે. સગાંવહાલાં અને આસપાસ રહેનારાં છાજિયાં લેવા આવે છે. ફળિયા વચ્ચે છાજિયાં લેવાય છે. ધડાધડ છાતી પર કૂટતાં જાય છે. આસપાસ વસતાં બાળકો જોવા તથા સાંભળવા ભેગાં થઈ જાય છે. સ્ત્રીઓ કૂટતી કૂટતી ગાતી જાય છેઃ

ચકલી ચૂંથા.....હાય.....હાય !
નેવે નાખા..... હાય.....હાય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ રમતો અને વાર્તા, ગીતો અને છાજિયાં મારફત ચકલી બાળકોની બહેનપણી તો પોતાની મેળે જ થઈ જાય છે, પણ એ ચકલીનો પૂરો પરિચય બાળકોને કયાં છે ? ચાલો આજે એની રહેણીકરણી અને રીતભાત, રૂપ અને ગાનનો પરિચય કરી લઈ એ.

બાળકોની આટલી વહાલી બની ગયેલ ચકલીમાં રૂપ તો શોધ્યુંયે જડે તેમ નથી. ચકલા અને ચકલીના રંગ જુદા જુદા.

પ્રથમ ચકલો જોઇએ. એનું માથું રાખોડી રંગનું–કોઇ સાધુ-બાવાએ હોંશમાં કપાળને બદલે માથામાં લાંબું તિલક તાણી દીધું હોય તેવું. ગળા પાસે છાતી સુધી મોટો બધો કાળો ચાંદલો– કોઇ બોટના છોકરાના ગળામાં જંતરની કાળી ડોરી પહેરાવી હોય તેવો. પાંખનો રંગ લાલ–દેશી કુંભારે ઘડેલ નળિયાના રંગનો. તેના પર કાળા પટ્ટા, પણ એ તો આડાઅવળા. પૂંછડી ભૂખરા રંગની. શરીરનો હેઠલો ભાગ સફેદ.

ચકીબાઇના રંગમાં તો શું જોવા જેવું છે ? આખા શરી-રનો રંગ ધૂળિયો. કયાંક કયાંક આડાઅવળા લીટા બરા, પણ એ તો ધૂળમાં લોટા તાણ્યા હોય એવા દેખાય. આંખ, ચાંચ અને પગ ભૂરા રંગનાં. ચકલીની ચાંચ ઉનાળામાં કાળી થઈ જાય. નવાં પીછાં આવે ત્યારે બંને જરા વધારે ઊજળાં દેખાય, પણ એ તો કેટલો વખત ? થોડા વખતમાં ઊજળો રંગ ઊડી જાય અને મૂળ રંગ આવી જાય.

પણ એના રંગનું વર્ણન કરવું નકામું છે. આખો દિવસ આપણાં આંગણાં, ઓસરી અને ઓરડામાં ઘૂમતી ચકલી આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે એટલી એકરૂપ બની ગઇ છે કે એનો પરિચય કરાવવાની જરૂર જ નથી રહી. વધારામાં વાર્તા અને રમતો, ગીતો અને જોડકણાંઓમાં તો એની બાળપણાથી ઓળખાણ થઇ જ ગઇ છે– ઓળખાણ શું, મિત્રાચારી બંધાઇ ગઇ છે. હવે તો એનું આખા દિવસનું જીવન જ જોવાનું રહે છે.

એ ટીનબાબુડીનું આખા દિવસનું જીવન જોઇએ તો ધમાલ ધમાલ જ લાગે. ઘડી વાર પણ શાંત બેસે નહિ. ચીંક....ચીંક ચીંક....ચીંક....એવો એનો ચકચકાટ આખો દિવસ ચાલ્યા જ કરવાનો. ઘડીક ધીમે બોલે તો ઘડીક જોરમાં બોલે. પળ વાર પણ એની જીભ આરામ ન લેતી હોય તેમ લાગે.

શાંતિથી બેસવાનું તો એ શીખી જ નથી. ઘડીક અહીં, ઘડીક તહીં–ઊડાઊડ, બીજી કાંઇ વાત જ નહિ. તેના પગ એવડા નાના કે કાગડા અથવા કાબરની જેમ તે એક પછી એક ડગલું માંડી નથી શકતી. એ તો બંને પગે ઠેકડા મારતી ચાલે. નાના એવા શરીરે ટપુક ટપુક ઠેકડા માર્યા કરે અને આમથી તેમ ફર્યા કરે. એના નાના ઠેકડા બહુ વહાલા લાગે. જાણે એની ટીન-બાબુડી દોડાદોડ જોયા જ કરીએ–જોયા જ કરીએ.

ખાવું, ખાવું ને ખાવું એ જ જાણે એનું જીવન. ઘરમાં આવે તો દાણા ખાય, રસોડામાં જાય તો ઢળેલ ધાન ખાય, આંગણામાં જાય તો જીવાત ખાય–અનાજ અને જીવાત બંને ખાય. એની ચાંચ બંને જાતના ખોરાક ખાઈ શકે. નાનાં જીવડાં કે ઈયળને ચાંચની અણીથી પકડી શકે. ઘરમાં ગમે તેટલે સુધી ઘૂસી જાય. તેને કશી બીક જ નહિ. બધે જાણે પોતાનું જ રાજ્ય છે તેમ માનીને લહેરથી હરેફરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવાતનો તે નાશ કરે છ તેથી ખેતીને તે મદદગાર ગણાઇ છે. પણ જીવાતની સાથોસાથ અનાજ તો એથીયે વધારે ખાઇ જાય છે. જીવડાં ખાવાની એની શક્તિ જોઇને અમેરિકા, ન્યુઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિયા નામના દેશોમાં એને ખાસ લઇ જઇને વસાવી છે. પાછળથી એ તો દાણા પણ ઉડાવવા લાગી અને ભારે નુકસાન કરવા લાગી. એને પાછી કાઢવા તે દેશોમાં ઘણા પ્રયત્ન થયા પણ હજી તે ત્યાંથી નથી ખસી.

બારે માસ ચકલી ઘરમાં રહે, પણ ખેતરના પાકને વખતે ચકલી ખેતરોમાં પહોંચી જાય છે. ટોળાંનાં ટોળાં મોલમાં ફર્યા કરે અને ડૂંડાંમાંથી દાણા ઉડાવ્યા કરે. ડૂંડાં પર કાચા દાણા બેસે ત્યારથી તેના હલ્લા શરૂ થાય. છેવટ બળાવાડમાંથી તૈયાર થઇને અનાજ ઘેર પહોંચી જાય ત્યાં સુધી બાધા કરે.

આ રીતે ચકલી ખેડૂતને બૂબ નુકસાન કરે છે. તેને ઉડાડવા માટે ખેડૂતોના છોકરા ડબ્બા વગાડે છે, ગોફણોમાં પથ્થર મૂકીને ફેંકયા કરે છે, પણ ચકલી બસે જ નહિ. ભરરર....ભટ્ કરતું ચકલીઓનું ટોળું ખેતરને આ છેડેથી ઊડી જાય. ગોફણનો ઘા કે ડબ્બાનો અવાજ તેને અસર ન કરે.

ખેતરોમાંથી પાક વાઢી લીધા પછીયે દિવસોના દિવસો સુધી ચકલીનાં ટોળાં ખેતરમાં પડી ગયેલા દાણા વીણ્યા કરે. ઉઘાડાં ખેતરોમાં આંખો નોંધીનોંધીને થાકી જાએ તોયે કાંઇ દેખાય નહિ, પણ એકાદ પથ્થર મારો તો ભરરરર્ કરતું ટોળું ઊડે અને આંખને ભડકાવી દે. બીજી ક્ષણે તો તે બેસી જાય, પણ તે કયાં બેઠું તે શોધવાને તો આંખની પહેલાં જેવી જ પરીક્ષા થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખળાં લેવાઇ જાય, એપ્રિલ-મે માસ આવે એટલે તે પાછી ઘરમાં આવતી રહે. આવતાંવેંત તે માળો બાંધવાની શરૂઆત કરે. માળો બાંધવાની જગ્યા શોધવાની તેને બાસ ચિંતા નહિ, થોડોક આધાર મળે એટલે ચાલે.

ઘરના કરામાં બખોલ મળે તો બખોલમાં, નળિયાંમાં જગ્યા દેખે તો નળિયાંમાં અને નેવાંમાં માર્ગ દેખે તો નેવાંમાં. ઘરની અંદર તો ગમે ત્યાં એનો અધિકાર. ઓરડામાં શીકા માથે કે ઓસરીમાં ઘોડિયાટ માથે, દીવાનખાનામાં ફ્રેાટાએા માથે કે આડીઅવળી ખીંટી માથે-કાંઇક આધાર મળે એટલે માળો શરૂ કરી દે.

જગ્યા શોધવામાં ભૂલ થાય તો તે જાત એવી મૂર્ખી કે ભૂલ સમજે જ નહિ. અમારા ઘરમાં મોભારે એક નાની એવી બીલી જડી ગઇ. બસ ચકલીએ માળો શરૂ કરી દીધો. એક દિવસ, બે દિવસ, પાંચ દિવસ, દસ દિવસ, વીસ દિવસ-માળો બાંધ્યા જ કરે. સૂતર લાવે, શણિયાની દોરીએા લાવે, ઝાડની છાલ લાવે, સળીએા લાવે અને માળો બાંધ્યા કરે. આધાર જરાયે ન હોઇ બધો સરંજામ નીચે પડ્યા કરે, પણ તે અટકે નહિ. રોજ સાંજે એના કચરાનો ઢગલો વાળી નાખીએ અને બીજી સવારે તે માળો બાંધવો શરૂ કરી દે. એમ કરતાં મહિનો વીતી ગયો. ચકલીની મૂર્ખાઈની શરમ જેવો કચરાનો ઢગલો થયો. છેડાં મૂકવાનો વખત ચાલ્યો ગયો અને ચકીબાઇ ચાલ્યાં ગયાં.

આવી મૂર્ખાઇ તો કોઇ પણ જોનારને બળી આવવાની. ઘર વાળવાવાળાને પૂછીએ તો તરત ચકલીની આ ટેવને લીધે તેને વેઠવી પડતી હેરાનગતિનું વર્ણન શરૂ કરી દે. દીવાનખાનું વાળીને ચોખ્ખું-ચણાક રાખ્યું હોય, પણ ચકીબાઇ એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીતરી મૂકવાનાં. દિવસમાં ગમે તેટલી વાર ઉડાડીએ પણ પાછી ત્યાં ને ત્યાં કચરાનો ઢગલો કરવા આવી પહોંચે. તેને કાઢી કાઢીને હાથજીભ નીકળી જાય, પણ તે ન નીકળે.

આવી જ તેની બીજી મૂર્ખાઈ ઘડિયાળ કે અરીસો જોઈને શરૂ થાય છે. ટક્....ટક્....થતી ઘડિયાળ સામે તે બેસી જાય છે. તરત તેનો ચકચકાટ શમી જાય. ઘડિયાળમાં જાણે બીજી ચકલી કે પોતાનું બચ્ચું જ પુરાયું હોય તેમ માનીને તે ઘડિયાળ પર ઠક્....ઠક્....ચાંચો લગાવવા માંડે. કોઈ ન ઉડાડે તો કલાકો સુધી તેની આ મૂર્ખાઈ ચાલે.

એ જ રીતે અરીસો દેખી ગઈ તો થઈ રહ્યું. અરીસામાં પડતા તેના પ્રતિબિંબ સાથે ચાંચો મારવી શરૂ કરી દે. ચાંચો મારતાં ચાંચ લપટી જાય, બેસવાનું ઠેકાણું ન મળે, તોયે અરીસા આસપાસ ટિંગાયા કરે અને કલાકો સુધી ચાંચો માર્યા કરે—જાણે તેના આગલા ભવનું કોઈ દુશ્મન અરીસામાં સંતાઈ બેઠું છે અને તેનો છેલ્લો નિકાલ આણવા તે તૈયાર થઈ છે.

અરીસા કે ઘડિયાળ સાથે તે વરસમાં ગમે ત્યારે લડતી નથી. જ્યારે ઈંડાં મૂકવા પહેલાં ચકલો તથા ચકલી સાથે જોવાય છે ત્યારે આનંદના દિવસોમાં આ લડાઈ ચાલે છે. થોડા દિવસ આ લડાઈ ચાલે પછી તેઓ માળો બાંધવામાં અને ઈંડાં સેવવામાં રોકાઈ જાય છે.

અરીસા કે ઘડિયાળ સાથે ચકલી લડે છે તેમાં તેનો બાળકણો સ્વભાવ દેખાઈ આવે છે. બે ચકલાં લડવા લાગે તો તેમને જુદાં પાડવાં મુશ્કેલ. એકબીજાને ચાંચો મારે, પગ ભરાવે, પીછાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંખે અને ફળિયા વચ્ચે ધમાલ મચાવતાં કલાકો સુધી ગોટાની પેઠે દડ્યા કરે–કોઈ રીતે જુદાં પડે જ નહિ. આ વખતે બિલાડી આવી પહોંચે તો થઈ રહ્યું ! એમાંથી એકાદને પકડીને ચાલતી થાય ત્યારે બીજાને ખબર પડે ! પછી તો તે ફફડતું અને લડાઈમાં છૂટાં પડી ગયેલ પીછાંને ખંખેરતું નાસી છૂટે.

ઘર એને એટલું બધું ફાવી ગયું છે કે ઝાડનો તો તે માળા માટે ભાગ્યે જ ઉપયોગ કરે. માળાનો પણ કોઈ ચોક્કસ ઘાટ નહિ. જે ઠેકાણે માળો બાંધ્યો હોય ત્યાંની સગવડ પ્રમાણે તેનો ઘાટ થાય. જેટલી જગ્યા મળે તેમાં તે ચીથરાં, વાળ, ઊન, ખડ વગેરે ભરી દે અને માળો બનાવી નાખે. મૂઠી જેવડા માળાથી માંડીને ફૂટબોલ જેવડો પણ એનો માળો થઈ જાય.

માળાના વચલા ભાગમાં તે ઈંડાં અને બચ્ચાં માટે સરસ ખાડો બનાવી લે છે. એ ખાડાને તે લીસી લીસી વસ્તુઓથી ગૂંથી લે છે. તેના ઉપર આંગળી ફેરવો તો આંગળી પણ લપસી જાય. બહારના ભાગને જરાયે તે સરખો કરે નહિ. આખા માળા આસપાસ ભલેને ચીથરાં અને ઘાસ લટકયા કરે અને ફરફર્યા કરે.

મોટે ભાગે ઘરમાં માળો બાંધે છે તેથી શિકારી પંખીઓ તેના પર હલ્લો નથી કરી શકતાં. અલબત્ત, ઘરમાં એના માળા પર કયારેક બિલ્લીબાઈ અને સાપભાઈ પહોંચી જાય છે અને ઈંડાં તેમ જ બચ્ચાંને સાફ કરી નાખે છે ખરાં.

વર્ષમાં બે વખત ઈંડાં મૂકે. ત્રણ–ચાર વખત પણ કયારેક મૂકી દે. એકી વખતે ચાર–પાંચથી ઓછાં ઈંડાં મૂકવાની તેને ટેવ નહિ. ઈંડાં નાનકડાં લંબગોળાકાર હોય. રંગ જુદા જુદા હોય, પણ મોટે ભાગે ભૂખરા સફેદ રંગમાં આછાં છાંટણાં હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચ્ચાં ઉછેરવામાં પણ ચકલાં ભારે હોશિયાર. એનાં નાનાં બચ્ચાં ભારે આઉધરાં હોય છે. તેમને ખાસ કરીને કૂણી કૂણી જીવાત બહુ ભાવે. સવારથી સાંજ સુધી ચકલો અને ચકલી જીવાત વીણીવીણીને બચ્ચાંનાં મોઢાંમાં મૂકયા જ કરે અને બવરાવ્યા કરે. બાવામાં બચ્ચાં ન થાકે, બવરાવવામાં ચકલાં ન થાકે. સાંજ પડચે તો અસંખ્ય જીવાત આ રીતે સાફ થઈ જાય.

પણ એકાદ–બે અઠવાડિયાં વીતે એટલે બચ્ચાંને અનાજ વધારે ભાવવા લાગે. ચકલાં જીવાત પડતી મૂકે અને અનાજ પર હલ્લો શરૂ કરે. નાનાં નાનાં ફળ બાવાં પણ તેમને ભાવે.

ચકલું તદ્દન નાનું પંખી. તેનો શિકાર કોણ કરે એમ આપણને સહેજે લાગે, પણ તેનો શિકાર થાય છે. તેના માંસ માટે નહિ, પણ તેની જીભ માટે. લોકો માને છે કે ચકલીની જીભમાં ઘણું કૌવત છે. તેની સવા શેર જીભ બાવામાં આવે તો ઘરડો માણસ પણ જુવાન બની જાય છે. આથી યુનાની દવાઓમાં ચકલીની જીભ વાપરવામાં આવે છે અને તેમાંથી બાકૂતીઓ બનાવવામાં આવે છે. તે માટે હજારો ચકલીઓ મારી નાખવામાં આવે છે. કાઠિયાવાડના એક મહારાજા અનેક ચકલી-ઓનો શિકાર કરી, તેની જીભનો શેરવો કરીને ઉડાવતા !

ચોમાસાના દિવસોમાં ચકલીમાં એક નવીનતા દેખાય છે. તે ધૂળના ઢગલામાં જઈને જાણે પાણીમાં પડી હોય તેમ પાંખો ફફડાવીને નાહવા માંડે છે. આપણા લોકો ચકલીના આ સ્નાનને વરસાદના આગમનની નિશાની માને છે. આથી તો જૂની ગુજરાતી ચોપડીમાં ચોમાસાની એક કવિતા આવતી તેમાં એક કડી ગવાતી કે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફડ ફડ ફફડાવે ધૂળમાં ચકલી પાંખ,
પસરી જ બગ બેસે પાંખ પોતાની સાફ
અરણુવથી કિનારે આવતાં પંખા ભાળ્યાં,
સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા.

ધૂળમાં આ રીતે ચકલી શા માટે નાહતી હશે ? પંખી-ઓનાં પીછાંમાં એક જાતનો પાઉડર હોય છે. આ પાઉડર પંખીનાં પીછાંને ભેજથી બચાવે છે. પાઉડર ઓછો થઈ જાય ત્યારે તેને વધારે સુક્કો બનાવવા માટે ઘણાં પંખી આ રીતે ધૂળમાં આળોટે છે. તેથી તેમની પાંખોમાં ભરાયેલ મેલ અને જીવાત પણ સાફ થઈ જાય છે.

પણ ચકલી તો આપણી પેઠે પાણીમાં પણ નાહ્ય છે. ઉના-ળાના દિવસોમાં એ ગમે ત્યાં પાણીનું આબોચિયું ભાળે કે ત્યાં પહોંચી જાય. આસપાસ લોકોનો અવરજવર ન હોય તો નાહ્યા જ કરે. એને નાહવા માટે કેટલુંક પાણી જોઈએ ? અને વાર પણ કેટલી લાગે ? આથી આપણે ત્યાં કહેવત પડી ગઈ છે કે 'ચકીબાઈ નાહી રહ્યાં !'

તોતડા બાળકના મોઢામાં ગામડાનાં લોકો ચકલી બોલાવે છે તેની તમને ખબર છે ? બાળકના નાના મોઢામાં ચકલી જેવડું નાનું પંખી જ પુરાઈ શકે ને ? આથી ચકલીને પકડીને અબ....ઢઈ ને તોતડા બાળકના મોઢામાં એકદમ મૂકવામાં આવે છે. ડરી ગયેલી ચકલી ફફડાટથી બાળકના મોઢામાં કારમી ચીસ પાડી ઊઠે છે. બાળક તો એથી એકદમ ડરી જાય છે અને તેનાથી જોરથી ચીસ પડાઈ જાય છે. આથી તેની અકડાઈ ગયેલી જીભ છૂટી થઈ જાય છે અને તેનું તોતડાપણું મટી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29660
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
26.3.2013

૨૪૧
૪

૨ : રાજી

આપણી ચકલી કરતાં થોડીક વધારે રૂપાળી ચકલીને જોવી છે? તો ચાલો વગડામાં. કેરડાં, આવળ અને બાવળિયાનાં નાનાં ઝુંડ પર તે રખડ્યા કરતી હોય છે. તેને આપણા લોકો રાજી કહે છે.

એનામાં નવીનતા માત્ર ગળા પર. ત્યાં પીળા રંગના ડાઘા હોય. શરીર આપણી ચકલી જેવડું જ. રંગ ધૂળિયો. ઉપર લાલ કે કશા ડાઘા નહિ. પાંખ પર આછા ભૂખરા પટ્ટા હોય. આપણી ચકલી કરતાં ચાંચ વધારે લાંબી અને અણીદાર. માથાનો રંગ આપણા ચકલા કરતાં વધારે ભૂખરો.

ખેતરો અને વગડામાં ફર્યા કરે. ગામમાં આવવાની હિંમત ન કરે. નાનાં ઝાડ અને છોડ પર ઊડ્યા કરે અને આપણી ચકલી કરતાં વધારે મુલાયમ અને ઊંચા રાગથી ચીંચકારા માર્યા કરે. બીજી બધી રીતભાત આપણી ચકલી જેવી જ.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બટકબોલી

કાબર

એક હતો રાજા. રાજા પોપટનો ભારે શોખીન. તેણે એક પોપટ પાળ્યો. પોપટ માટે હીરાજડિત સોનાનું પીંજરું બનાવ્યું.



કાબર

રોજ સવારે વહેલો ઊઠીને રાજા પોપટને બોલતાં શીખવે: 'પઢો પોપટજી સીતારામ!' પોપટ રોજ નવા બોલ શીખતો જાય અને રાજા તેના પર ખુશ. રોજ તેને પીંજરામાં જાતજાતનાં ફળફળાદિ ખાવા આપે.

રાજાના મહેલમાં એક કાબર રહે. તે પોપટનાં લાલનપાલન જોયા કરે. તેને મનમાં થાય કે મને આ રીતે કોઈ સાચવે તો કેવું સારું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક રાત્રે પીંજરાનું બારણું ખુલ્લું રહી ગયું. પોપટ ઊડીને આસપાસ ચાલ્યો ગયો. કાબર બાલી પીંજરું જોઈને પોપટની જગ્યાએ બેસી ગઈ. વહેલી સવારે અંધારામાં રાજા આવ્યો અને હમેશની જેમ પોપટને પઢાવવા લાગ્યો. પણ અંદર તો કાબર હતી, એ શું બોલે ? ઘણું કહેવા છતાં પોપટને ન બોલતો સાંભળીને રાજા ખિજાયો. તેણે પીંજરામાં લાકડી ભરાવીને ઘોંકા મારવા શરૂ કર્યા. લાકડીનો માર પડતાં કાબરબાઈ બોલી ઊઠ્યાં :

ઘોંકાઘોંકી મ કર રાજા !
ઘોં કે અ મે મ રી એ,
મરવા સાદવાળો તો ઊડી ગયો,
કહે તો કલમલ કલમલ કરીએ !

રાજા સમજી ગયો. 'ઓ....ત્તારી! આ તો કાબર !' એણે પીંજરાનું બારણું બોલી નાખ્યું એટલે કાબર ઊડીને નાસી છૂટી.

પીંજરામાં પુરાઇ રહેલી છતાં કાબરે રાજાને તડાક જવાબ આપી દીધો. ડરે એનું નામ કાબર નહિ ! કાબર એટલે ભારે હિંમતવાન પંખી. જેવી હિંમતવાન તેવી જ ઉદ્યમી અને ચકોર. એક વખત એ લુચ્ચા કાગડાને પણ મૂર્ખ બનાવી ગયેલી.

એક કાબર અને કાગડાએ ભાગીદારીમાં ખેતી શરૂ કરી. કાગડો રહ્યો લુચ્ચો. કામ કરવાની ભારે આળસ. કામમાંથી છટકવા વિચાર કરી રહ્યો હતો ત્યાં તો ખેતર ખેડતાં કાગડાની ચાંચમાં જરાક લાગી ગયું. કાગડાભાઈ તો ચાંચ સરખી કરાવવા સુતાર પાસે ગયા. ગયા તે ગયા જ, પાછા આવવાના કશા સમાચાર નહિ. કાબરે ખેતર ખેડી લીધા પછી કાગડાને એકદમ આવી જવા સંદેશો મોકલ્યો. લુચ્ચે કાગડે જવાબ વાળ્યો:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાગાઠૈયા કરું છું,
ચાંચુડી થડાવું છું,
જાઓ કાબરબાઇ !
કાલ વહેલો આવું છું !

પછી તો કાબરે બાજરો વાવ્યો. પાક થયો. પંખી ઉડાડ્યાં. ખેતર નીંદ્યું. પાકની લણણી કરી. દરેક વખતે કાગડાને સંદેશો મોકલતી રહી અને આળસુ કાગડો એનો એ જવાબ આપતો રહ્યો.

છેવટ બળામાં બાજરો તૈયાર થયો એટલે ભાગ પાડવા વખતે કાગડાભાઈ હાજર થઈ ગયા. પણ કાબર એના માથાની નીકળી. તેણે એક બાજુ બાજરાનો ઢગલો કર્યો અને બીજી બાજુ ઢૂંસાંનો ઢગલો કર્યો. ઢૂંસાંના ઢગલા પર બાજરાના દાણા છાંટ્યા. નાના-મોટા ઢગલામાંથી ગમે તે પસંદ કરવાનું કહેતાં કાગડાભાઈ તો ટપ લઈને મોટા ઢગલા પર બેસી ગયા. કાબરને ભાગે નાનો ઢગલો આવ્યો.

કાગડાભાઈએ તો રાજી થઈને ત્યાં જ બાજરો ખાવાનું શરૂ કરી દીધું. થોડા દાણા બાદ ચાંચમાં ઢૂંસાં ભરાઈ ગયાં ત્યારે જ તેને ખબર પડી કે લુચ્ચાઈ કરવા જતાં પોતે જ આબાદ બની ગયો છે !

ઉપરની વાતમાં એનો મહેનતુ સ્વભાવ પણ દેખાઈ આવે છે. સવારથી સાંજ સુધી, ઘડીયે આરામ લીધા વગર, કાબર ચારે બાજુ રખડ્યા કરે અને આહાર મેળવ્યા કરે. ઉનાળાને બરે બપોરે કાગડો પણ તડકાથી કંટાળીને ઝાડમાં ભરાઈ બેઠો હોય ત્યારે કાબર રખડ્યા કરતી હોય અને આહાર શોધતી હોય—જાણે તડકાની સાડીબાર જ ન મળે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના આહારમાં જીવજંતુ પણ બરાં અને અનાજ પણ બરું. તીડ અને બડમાકડાં બાય, કરોળિયા અને મકોડા બાય. ચોમાસામાં મકોડા ઊભરાઈ પડે ત્યારે તેને ઉજાણી ચાલે. ચોમાસામાં કૂટી નીકળતાં જીવડાં બાવા તે ગામ બહાર વગડામાં પણ પહોંચી જાય. ઢોર પાછળ પણ ફરતી હોય અને તેમના હલન-ચલનથી ઊડતાં જીવડાં ઉડાવતી હોય.

ઘર-આંગણામાંથી વેરાયેલા દાણા ચણી જાય અને સીમ ખેતરમાં પણ પહોંચી જઈને પોંક ઉડાવી આવે, પરંતુ મોટે ભાગે જીવજંતુ વધારે બાય-બાસ કરીને પાકને નુકસાન કરનારાં જંતુને વધારે બાય. આથી તે ખેતીને મદદગાર ગણાય છે. તેની આ શક્તિને કારણે મોરિશિયસ, ઑસ્ટ્રેલિયા, હવાઈ ટાપુ, ન્યુઝીલૅન્ડ વગેરે દેશોમાં તેને લઈ જઈને વસાવવામાં આવી છે.

એ દેશોમાં કાબરને લઈ તો ગયા, પણ પાછળથી એ લોકોને મૂંઝવી દીધા. કાબર કદી પોતાના પ્રદેશમાં બીજાને ઘૂસવા ન દે-પાંખો મારે, ચાંચ મારે, ઘૂમ મચાવે અને તગડયે છૂટકો કરે.

હવાઈ ટાપુમાં કબૂતર ઘણાં હતાં. કબૂતરો તેની સાથે આહાર ચણવા આવ્યાં. કાબર તો ત્યાં હજી મહેમાન જેવી હતી, કબૂતર તો ત્યાંનાં જૂનાં વતની હતાં, છતાં કાબર કબૂતરને સહન ન કરી શકી. આખી કબૂતરજાતિને ટાપુમાંથી તગડી મૂકી ત્યારે જ છૂટકો કર્યો. તેમ જ એને અન્દામાનમાં દાખલ કરતાં 'બાબુના' નામના પંખીને એ દેશમાંથી કાઢી મૂકયું.

પણ તેનો આ લડવાડિયો સ્વભાવ બીજાં પંખીને ભારે મદદગાર થાય છે. બિલાડી નીકળે કે સાપ નીકળે, ઘો નીકળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે નોળિયો નીકળે, તરત જ ચકોર કાબરની નજર પડવાની અને કલબલાટ કરી મૂકવાની. સાપ કે બિલાડી કાંઈ કાબરનાં દુશ્મન નથી, પણ તે દેખાયાં એટલે કાબર રાડોરાડ મચાવે અને બિલાડી સાપ પર ઝપટો માર્યા કરે.

ઘડીવારમાં નાનાં પંખી ઊડી જાય અને કાગડા જેવાં જોરાવર પંખી મારમાર કરતાં ત્યાં ધસી આવે. પછી જોઈ લો સાપ-બિલાડીના હવાલઃ ચારે બાજુથી હલ્લો શરૂ થાય.

સાપ-બિલાડી નાસી ન છૂટે ત્યાં સુધી હલ્લો ચાલે. આ દરમિયાન કોઈ માણસ આવી ચડે તો સાપનું મોત જ થાય.

કાબરના આ સ્વભાવને કારણે તેને પંખીઓની ચોકિયાત કહીએ તો કાંઈ ખોટું નથી. માળામાં પડેલાં કેટલાંયે ઈંડાં અને બચ્ચાંને કાબર સાપ-બિલાડીના શિકારમાંથી બચાવી લેતી હશે.

આ ચોકીમાં તેનું ખાસ હથિયાર તેનો કલબલાટ. આખો દિવસ એનો કલબલાટ ચાલ્યા જ કરતો હોય છે. સવાર હોય, બપોર હોય કે સાંજ હોય-કામ બંધ કરીને જરા કાન માંડો તો તેનો અવાજ સંભળાવાનો જ. કયાંકથી 'ચુક ચુક ચુક' તો કયાંકથી 'ટીકુ ટીકુ ટીકુ' એવા એના બોલ કાને પડવાના. બિલાડી-સાપને જોઈ ને તેનો કલબલાટ ઘોંઘાટની ટોચે પહોંચે છે.

તેનો આ ઘોંઘાટ જ સાંભળનારાં લોકો વધારે કોલાહલ મચાવનારને કાબર સાથે સરખાવે છે, પણ કાબરના કલબલાટ પાછળ એક સંગીત પણ રહેલું છે. તેને તો ધ્યાન દઈને સાંભળો તો જ જાણી શકો અને માણી શકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે એને કાબર કહીએ છીએ, પણ ઉત્તર હિંદમાં તેને મેના કહે છે. પંખીશોખીનોને ઘેર પીંજરામાં પુરાયેલી કાળી મેનાને તમે કદી જોઇ છે ? પોપટ કરતાંયે સુંદર બોલ બોલતી એ કાળી મેનાની આપણી કાબર પિતરાઇ બહેન થાય છે. પેલી મેના જેટલા કાબરમાં વિવિધ સ્વર નથી, મુલાયમતા, નથી એ ખરું, પરંતુ એનામાં ઠીકઠીક ગાનશક્તિ છે તેમાં શંકા નહિ.

એ બોલતી હોય છે ત્યારે આડુંઅવળું કે ઠેકાણા વગરનું બોલતી નથી હોતી. એમાં જાતજાતના લહેકા હોય છે. એ લહેકામાંયે ભાતભાતના પલટા હોય છે. ફેંકી દીધેલાં મોતીમાં એક જાતની સુંદરતા આવી જાય છે, તેવી રીતે કાબરના છૂટા મૂકી દીધેલા સૂરોમાં પણ સુંદરતા આવી જાય છે.

ધ્યાન રાખીને કયારેક સાંભળજો. કયાંક ખૂણામાં ભરાઈને બેઠી બેઠી તે જાતજાતના લહેકા કાઢતી સંભળાશે. ઘડીક 'કી....ચુ કીચુ' તો ઘડીક 'ઢચાંગ....ઢચાંગ,' ઘડીક 'ચીં...ચીં....ટીં....ટીં' તો ઘડીક 'પટુ....પટુ' એ બોલતી હશે. કયારેક વળી આ બધું એકી સાથે બોલી જાય અને માથું ઊંચુંનીચું કરતી જાય.

એની વિચિત્ર આંખ-રચનાને કારણે જાણે આંખના મિચકારા મારતી લાગે. કયારે કેવો સૂર કાઢી બેસશે એ ધારી શકાય જ નહિ. જાદુગરની કોથળીમાંથી એક પછી એક નવાઇમાં નાખી દેતી ચીજો નીકળતી આવે તેમ કાબરના ગળામાંથી જાતજાતની બોલીઓ સરતી આવે.

તેના ગળામાં અનુકરણ કરવાની પણ ઘણી શક્તિ છે, ને તે ગાવાની લહેરમાં હોય અને કોઇ પંખીને દૂરથી બોલતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળે એટલે થઈ રહ્યું-તેના ચાળા જ પાડવા લાગે. ચાળા એટલે બસ ચાળા જ ! ગંભીર થઇને બેઠા હોઇએ અને તેના લટકુડા ચાળા સાંભળીને હસી જ પડીએ.

એ જાતજાતના ચાળા પાડતી હોય, પણ તેના મોઢા સામે જુઓ તો જાણે તદ્દન નિર્દોષ-કદીયે તેણે ચાળો પાડયો જ નથી ! જાણે કેટલાયે વખતથી એમ ને એમ શાંત તથા મૂંગી જ કાબર તો બેઠી છે !

તેના આ ચાગલા અને લટકુડા બોલની મીઠાશ એકવાર નજરે પડી ગઇ તો ભારે મજા આવે. કામથી થાકીને બેઠા હોઇએ, તેને સાંભળવા લાગીએ તો થાક ઉતારી દે. તેના આ ગાનના રસિયા પણ નીકળે છે અને તેને પીંજરામાં પૂરીને ઉછેરે છે.

પંજાબ, મુંબઇ, યુક્તપ્રાંત, બંગાળ વગેરે પ્રાંતોમાં તે જીવજંતુ ખાનાર હોઇને તેને ખેતીકામમાં મદદગાર ગણવામાં આવી છે અને મારવાની મનાઇ કરવામાં આવી છે, પણ મ્હૈસુર રાજ્યમાં તો તેને ગાયક પંખી તરીકે ગણીને મારવાની મનાઇ ફરમાવવામાં આવી છે. છેવટ એક રાજ્ય પણ છે ખરું જે તેના સંગીતની કદર કરે છે !

પણ તેની પિતરાઇ તેના ગાયનમાં શિરોમણી છે એટલે બીચારી કાબરને કોઇ લેખામાં નથી લેતું, પણ તેની પરવા કર્યા સિવાય કાબર તો પોતાનું ગાન આખો દિવસ ગાયા જ કરે છે.

જો તેના આવા સુંદર ગાનને આપણે ન જાણીએ તો તેના રંગને તો આપણે શાના જ જાણીએ ? કોઈ તમને એકદમ પૂછે કે કાબરનો રંગ કહો જોઈએ, તો અચકાઇ જ જવાના. આખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસ આપણી આસપાસ તે ફરે છે, છતાં રંગનો બહુ ઓછાને ખ્યાલ હોય છે.

કેવો છે એનો રંગ ? તેની ચાંચ પીળી હોય છે. ચાંચની પાસેથી જ બંને બાજુ બે પીળાં લાખાં શરૂ થાય છે. તેની આંખની રચના પણ વિચિત્ર છે. પાસે બેઠી હોય છતાં તેનાં પીળાં લાખાંને કારણે તેની આંખ કયાં છે તે શોધવું મુશ્કેલ પડે.

તેનું માથું કાળું ખરું, પણ ધ્યાન દઇને જોઇએ તો ભારે ચળકતું દેખાય. ડોક ઉપરના ભાગમાં કાળી. હળવે હળવે ડોક નીચલે ભાગે શરીરના તપખીરિયા રંગમાં ભળી જાય. આખા શરીરનો રંગ તો ઘાટો તપખીરિયો જ કહી શકાય. પૂંછડીના છેડા અને પૂંછડી નીચેનો ભાગ સફેદ. એની બંને પાંખ વચ્ચે સફેદ પટ્ટો—તે ઊડે ત્યારે એ સફેદ પટ્ટો દેખાય અને પાંખને ફટાકે ફટાકે કૂંડાળું રચતો જાય. આખા શરીરની નીચે આવેલા પગ પીળા.

તે માળા ઘરની બખોલો અને નળિયાંમાં બાંધે, ઝાડ પર કયારેક જ બાંધે. માળામાં ઝીણી કરાંઠીઓ, લીમડાની સળીઓ, કાગળના અને ચીંથરાના ગાભા અને પીછાં ભરચક ભરી દે.

માળો મોટો બધો બાંધે. માળાનો કોઇ ચોક્કસ ઘાટ તો હોય જ નહિ.

જેવું સ્થળ તેવો ઘાટ. ઘણી વાર કાગડા-ખિસકોલીના જૂના માળા જરાક ઠીકઠાક કરીને વાપરી નાખે છે ખરી. માળાનો વચલો ભાગ મુલાયમ બનાવે. તેમાં ત્રણથી ચાર વાદળી રંગનાં ઈંડાં મૂકે. ઈંડા પર આછી કાળી છાંટ હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચ્ચાં ઈંડું ફોડીને બહાર આવે ત્યારે સાવ નાગાં હોય, પીછાંનું નામ ન હોય. હાથમાં લઈએ તો જાણે માંસનો લોચો પકડયો હોય તેવું લાગે. ધીમે ધીમે પીછાં અને રંગ આવતાં જાય. બચ્ચાંને તે જીવડાં ખવરાવે અને મોટાં કરે. ત્રણ–ચાર બચ્ચાં ખાવા માટે અવાજ કરી મૂકે અને ઘૂઘરા ખણખણતા હોય તેવો અવાજ માળામાંથી સંભળાયા કરે.

માળા બાંધવાની જગ્યા પસંદ કરવામાં ચકલીની પેઠે જ એ મૂર્ખાઈ કરે બરી. કયારેક માળો બાંધતી વખતે જ સરંજામ પડ્યા કરે અને ઈંડાં મૂકે ત્યાં સુધીમાં માળો બંધાઈ ન રહે. કયારેક માળો એવે સ્થળે હોય કે જરાક ઠોકર વાગતાં ઈંડું નીચે દડી પડે અને ફોદા વેરાઈ જાય. ઈંડાંમાંથી બચ્ચાં નીકળ્યા પછી, તેઓ જરાક આડાંઅવળાં થવા જાય ત્યાં, નીચે જઈ પડે અને રામશરણ પામી જાય. આ રીતે માળામાંથી પડી જવાથી દર વર્ષે કાબરનાં ઘણાં બચ્ચાં બીચારાં મરી જાય છે.

આમ છતાં તેના હિંમતવાન સાહસિક સ્વભાવને કારણે, જીવજંતુ કે અનાજ બધું બાઈ શકવાની શક્તિને કારણે, કાબર-ની જાત વધ્યા જ કરે છે.

તેને નિરાંતે જોવી હોય તો બે સમય : સવારે તે કાગડાનાં ટોળાંની સાથોસાથ બેઠી હોય. કાગડાના કરાં....કરાં....ના અવાજ-ની સાથે તેનો કલબલાટ ચાલતો હોય અને ધમાલ મચાવતી હોય. કાગડો એક બાજુ ખોરાક માટે ઊપડે અને કાબરબાઈ બીજી બાજુ ઊપડે. ગામ બહાર ચારે બાજુ ફેલાઈ જાય. ગામમાં ને વગડામાં, ઘરમાં ને ફળિયામાં, ઝાડ પર ને ઝાંખરાંમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગડાનાં ટોળાં વચ્ચે રખડતી હોય અને કાગડાની પડખેથી જ આહાર ઉડાવતી હોય. કાગડાનેય પાંખનો ફડાકો લગાવતી જાય, દૂર ધકેલતી જાય, અને આહાર આરોગતી જાય.

સાંજ પડયે કાગડાનાં ટોળાં ઘર તરફ પાછાં ફરે એટલે કાબરબાઇનાં ટોળાં પણ પાછાં ફરવા લાગે. કાગડાનાં તથા તેનાં ટોળાં જુદાં તારવવાં મુશ્કેલ પડે. પણ લાંબા લહેકાથી ઊડતાં કાગડાનાં ટોળાં અને ઝપાટે પાંખો ફફડાવતાં કાબરનાં ટોળાંને એક વખત ઓળખ્યાં પછી જોવામાં ભારે મઝા પડે.

વગડામાંથી પાછી ફરીને પણ તે કાગડા સાથે જ એક ઝાડ પર ધામા નાખે અને કલબલાટ શરૂ કરે. આખા દિવસનું કામ આટોપી સ્ત્રીઓ જેમ આંગણાંમાં ટોળે મળી વાતોના તડાકા મારતી હોય છે તેમ કાબરો પણ કયાંય સુધી કલબલાટ મચાવ્યા કરે. પણ કાગડા હજી કાં....કાં.... કરતા હોય તે પહેલાં કાબર-બાઇ પોઢી જવાનાં અને શાંત થઇ જવાનાં–વહેલી પડે સવાર !

આપણી આ કાબર સિવાય ત્રણ–ચાર જાતની બીજી કાબરો આપણે ત્યાં થાય છે. ચાલો, તેમનો પણ પરિચય કરી લઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. બબ્બઈ અથવા પાવૈ

આપણામાં બ્રાહ્મણ વાણિયા વગેરે નાતજાત છે તેમ કાબરમાં પણ નાતજાત છે. આપણા બ્રાહ્મણોમાં જેમ માથે લાંબી લાંબી ચોટલી રાખે છે તેમ કાબરની એક જાતને માથે ચોટલી હોય છે. તેના માથા પર ચોટલી



ચોટલીવાળી બબ્બઈ

જેવાં કાળાં ચમકતાં પીછાં હોય છે—માથા પર થઈને ઠેઠ ડોક સુધી ઢળકતાં હોય. માથું ઊંચું કરે એટલે એકદમ દેખાઈ આવે. આથી તો અંગ્રેજોએ એનું નામ જ 'બ્રાહ્મણી મેના' પાડી દીધું છે. આપણા લોકો એને બબ્બઈ અથવા પાવૈ કહે છે.

એની મુખ્ય નિશાનીઓ આટલી: ઉપર કહી તેવી માથા પર ચોટલી. આપણી કાબર કરતાં સહેજ નાની. આખા શરીરનો રંગ ઝાંખો બદામી. નીચલો ભાગ ભૂખરો. પગ ઉપરનો ભાગ અને પૂછડીના છેડા સફેદ. ચાંચ અને પગ પીળાં.

આપણી કાબરની તે પિતરાઈ બહેન થાય છે. આપણે ત્યાં તે બારે માસ રહે છે, છતાં તેના તરફ આપણું ખાસ ધ્યાન ગયું નથી. પણ જરાક ધ્યાન આપીએ તો ભારે મજા પડે. આખો દિવસ તે હળવે સાદે જાતજાતના લહેકા કાઢતી હોય છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ ફેલાવતી હોય છે. શરીરમાં અને સૂરમાં તે નાજુક છે એટલે આપણી ધમાલિયા કાબર કરતાં વધારે શાંત અને ડાહી લાગે.

પણ તે માણસોના વસવાટ પાસે બહુ નથી આવતી. મોટે ભાગે ગામના પાદરમાં રહે છે. તેનું આહાર–કામ પતાવીને તરત ઝાડની ડાળીએ બેસી જાય. લહેરથી હળવા સૂરે ગાન ગાયા કરે. જમીન પર જીવાત માટે તે ફરે. છતાં તેને વધારે તો ઝાડ પર ટેટા ને ટેટીઓ, લીંબોળીઓ ને એવાં ફળ ખાવામાં લહેર પડે.

તેનામાં પણ કાબરની જેમ અનુકરણશક્તિ સારા પ્રમાણમાં હોય છે. ઘણા ઉસ્તાદો તેને પાળીને તાલીમ પણ આપતા હોય છે. ભાવનગરના પંખી–અવધૂત શ્રી. કંચનરાયે એક બબ્બઇને તેતરની બોલી શીખવેલી. બબ્બઇ પોતે હળવે સૂરે ગાતી હોય છે, પણ તેતરનો કાન પકાવી દેતો અવાજ બબ્બઇના ગળામાંથી નીકળતો સાંભળીએ છતાં આપણને માનવામાં ન આવે કે તે બબ્બઇ ગાઇ રહી છે.

બબ્બઇ તેના માળા કયારેક ઘરની બખોલોમાં બાંધે છે, પણ મોટે ભાગે તો તે ઝાડનાં પોલાણોનો જ ઉપયોગ કરે છે. લક્કડખોદે કોરેલા અને બચ્ચાં ઉછેર્યા બાદ ખાલી કરેલ માળાનો તે ઘણી વાર ઉપયોગ કરી લે છે.

માળામાં તે કાગળ, ચીંથરાં, પાંદડાં વગેરે વાપરે અને વચલો ભાગ બચ્ચાં માટે લીસો બનાવે. મે–જૂન મહિનામાં તે ઇંડાં મૂકે અને ઇંડાંમાંથી બચ્ચાં નીકળ્યાં પછી દિવસો સુધી બચ્ચાંને જીવાત લાવી લાવીને ખવરાવ્યા કરે. તેને કેટલાક લોકો પાવૈના નામથી પણ ઓળખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. શિરાજી અથવા ઘોડાકાબર

આપણે ત્યાં થતી શિરાજી નામની આ ત્રીજી જાતની કાબરે ભારે ગોટાળો ઊભો કર્યો છે. લોકો તેને આપણી કાબરનાં બચ્ચાં જ માને છે. આમ માને છે તેનું શું કારણ હશે? કદાચ તેના રંગને કારણે હોય તો ના નહિ.

લગભગ આપણી કાબર જેવડી જ આ શિરાજીના રંગને આછો ધુમાડિયો કહી શકાય. આ ધુમાડિયો રંગ આપણી કાબરના કાચા તપખીરિયા રંગ જેવો કદાચ પ્રજાને દૂરથી લાગ્યો હશે. તેની ચાંચ કેસરવરણી. કાબરની પીળી ચાંચ અને આ કેસરિયા રંગ વચ્ચે પ્રજાને ઝાઝું અંતર નહિ દેખાયું હોય. પેટનો ભાગ, પાંખ વચ્ચેનો પટો અને પાંખની કિનારનાં પીછાં આછાં ગુલાબી. આ રંગો પણ નાનાં બચ્ચાંના કાચા રંગો પ્રજાએ માન્યા હશે. બાકી ડોકની પાછળનો ભાગ અને પાંખના છેડા કાળા, પગ પીળા—આ બધું આપણી કાબર જેવું.

વર્ષોથી પ્રજા માનતી આવે છે કે બજારમાં અને શેરીઓમાં એકલી તથા આપણી કાબરની સાથે ફરતી આ શિરાજી આપણી કાબરનું બચ્ચું જ છે. પણ આખા વરસ દરમિયાન એનો રંગ બદલાતો નથી. છતાં પ્રજાને વિચારવાનું મન કેમ નહિ થયું હોય કે આનો રંગ કાં ન બદલાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ છતાં, આ શિરાજી આપણી કાબરની પિતરાઇ જેવી જુદી જ જાતની કાબર છે. બજારોની વચ્ચે દુકાને દુકાને ફરીને તે પોતાનો ખોરાક મેળવી લે છે.

વિરમગામ અને અમદાવાદનાં જંકશનો પર પ્લેટફૉર્મનાં છાપરાંમાં તો તેણે હજારોની સંખ્યામાં અડ્ડા જમાવ્યા છે. વહેલી સવારમાં ત્યાં ગાડી પહોંચે ત્યારે માણસોના કોલાહલ કરતાં કયારેક તેનો કલબલાટ વધી જાય છે. એનો કોલાહલ, રંજાડ અને ચરકની ગંદકીથી સત્તાવાળા કંટાળ્યા છે, તેને ત્યાંથી કાઢી મૂકવા તેઓ અનેક પ્રયાસ કરી કરીને થાકયા છે, પણ તે ત્યાંથી ખસતી નથી.

આ કાબરની માળા બાંધવાની ટેવ ભારે વિચિત્ર છે. આખું વરસ તે લોકોની વચ્ચે વસે છે છતાં માળા બાંધવા તો તે વહેતી નદીને કાંઠે ભેખડોમાં કે કૂવાની બખોલોમાં પહોંચી જાય છે. થોડાક વિસ્તારમાં અનેક શિરાજીઓએ માળા બાંધી દીધા હોય. નદીને કાંઠે માળા બાંધવાની તેની ટેવ પરથી અંગ્રેજીમાં તેનું નામ પણ તેવા જ અર્થનું પડી ગયું છે.

પણ આમાં કયારેક અપવાદ મળી જાય છે ખરો. તેઓ ગામની વચ્ચે બજારોમાં જ માળા બાંધીને બચ્ચાં ઉછેરતી દેખાય છે ખરી. તેનું બીજું નામ ઘોડાકાબર પણ બોલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. શિરાજી અથવા ઘોડાકાબર

આપણે ત્યાં થતી શિરાજી નામની આ ત્રીજી જાતની કાબરે ભારે ગોટાળો ઊભો કર્યો છે. લોકો તેને આપણી કાબરનાં બચ્ચાં જ માને છે. આમ માને છે તેનું શું કારણ હશે? કદાચ તેના રંગને કારણે હોય તો ના નહિ.

લગભગ આપણી કાબર જેવડી જ આ શિરાજીના રંગને આછો ધુમાડિયો કહી શકાય. આ ધુમાડિયો રંગ આપણી કાબરના કાચા તપખીરિયા રંગ જેવો કદાચ પ્રજાને દૂરથી લાગ્યો હશે. તેની ચાંચ કેસરવરણી. કાબરની પીળી ચાંચ અને આ કેસરિયા રંગ વચ્ચે પ્રજાને ઝાઝું અંતર નહિ દેખાયું હોય. પેટનો ભાગ, પાંખ વચ્ચેનો પટો અને પાંખની કિનારનાં પીછાં આછાં ગુલાબી. આ રંગો પણ નાનાં બચ્ચાંના કાચા રંગો પ્રજાએ માન્યા હશે. બાકી ડોકની પાછળનો ભાગ અને પાંખના છેડા કાળા, પગ પીળા—આ બધું આપણી કાબર જેવું.

વર્ષોથી પ્રજા માનતી આવે છે કે બજારમાં અને શેરીઓમાં એકલી તથા આપણી કાબરની સાથે ફરતી આ શિરાજી આપણી કાબરનું બચ્ચું જ છે. પણ આખા વરસ દરમિયાન એનો રંગ બદલાતો નથી. છતાં પ્રજાને વિચારવાનું મન કેમ નહિ થયું હોય કે આનો રંગ કાં ન બદલાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમે તેમ છતાં, આ શિરાજી આપણી કાબરની પિતરાઇ જેવી જુદી જ જાતની કાબર છે. બજારોની વચ્ચે દુકાને દુકાને ફરીને તે પોતાનો ખોરાક મેળવી લે છે.

વિરમગામ અને અમદાવાદનાં જંકશનો પર પ્લેટફૉર્મનાં છાપરાંમાં તો તેણે હજારોની સંખ્યામાં અડ્ડા જમાવ્યા છે. વહેલી સવારમાં ત્યાં ગાડી પહોંચે ત્યારે માણસોના કોલાહલ કરતાં કયારેક તેનો કલબલાટ વધી જાય છે. એનો કોલાહલ, રંજાડ અને ચરકની ગંદકીથી સત્તાવાળા કંટાળ્યા છે, તેને ત્યાંથી કાઢી મૂકવા તેઓ અનેક પ્રયાસ કરી કરીને થાકયા છે, પણ તે ત્યાંથી ખસતી નથી.

આ કાબરની માળા બાંધવાની ટેવ ભારે વિચિત્ર છે. આખું વરસ તે લોકોની વચ્ચે વસે છે છતાં માળા બાંધવા તો તે વહેતી નદીને કાંઠે ભેખડોમાં કે કૂવાની બખોલોમાં પહોંચી જાય છે. થોડાક વિસ્તારમાં અનેક શિરાજીઓએ માળા બાંધી દીધા હોય. નદીને કાંઠે માળા બાંધવાની તેની ટેવ પરથી અંગ્રેજીમાં તેનું નામ પણ તેવા જ અર્થનું પડી ગયું છે.

પણ આમાં કયારેક અપવાદ મળી જાય છે ખરો. તેઓ ગામની વચ્ચે બજારોમાં જ માળા બાંધીને બચ્ચાં ઉછેરતી દેખાય છે ખરી. તેનું બીજું નામ ઘોડાકાબર પણ બોલાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વૈયાં

'હો.....હો.....હો.....' એવા ઊંચા સાદથી હાકલા-પડકારા કરતો અને ગોફણમાં પથ્થર ભરીભરીને ખેતરમાં બાંધેલા માચડા પરથી પાકને વખતે ઘા કરતો કોઈ દેખાય તો માનજો કે તે વૈયાં ઉડાડી રહ્યો છે. વૈયાં પણ આપણી કાબરની પિતરાઇ બહેન છે.

વૈયાં

આ વૈયાં આપણે ત્યાં બારે માસ નથી રહેતાં. પાકને વખતે થોડાક જ માસ તે અહીં ગાળી જાય છે. અને આવે છે પણ કેટલે દૂરદૂરથી ? ઠેઠ ઇટલી અને હંગરી, એશિયા-માઇનર અને તુર્કસ્તાનથી તે ઊડતી ઊડતી આપણે વગડે ઊતરે છે.

આપણી બધી કાબરોમાં વિશેષ ચળકતા રંગ આ કાબરને મળ્યા છે, તે કારણે તેને બધી કાબરોમાં વિશેષ સુંદર કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય ખરી. તેના આખા શરીરનો રંગ ચળકતો ગુલાબી. માથું, ગરદન, છાતી, પાંખો અને પૂંછડી કાળા રંગનાં. આ રંગ એકલો કાળો નહિ, પણ તેમાં વાદળી કે જાંબુડિયા રંગની ઝાંય પડે.

ચાંચ ગુલાબી અને પગ પીળા. માથા પર કયારેક વાળનો મોટો જથ્થો લાગે–આપણી બબ્બઇ–બ્રાહ્મણી કાબર–જેવો. આ ચોટલો ચમકતા કાળા રંગે પ્રકાશતો હોય. શરીર તો આપણી કાબર જેવડું જ, પણ આખા શરીર પર ગુલાબી રંગની છાયા વધારે દેખાય. તે પરથી તો અંગ્રેજીમાં તેનું નામ પડયું છે.

ખેતરોમાં ૨૫–૫૦, ૧૦૦–૨૦૦ કે ૫૦૦–૧૦૦૦ સુધીનાં ટોળાંમાં તે ભટકતી હોય. જે ઝાડ પર તે બેસે તેની ડૂંપળો અને ફળ ખાધા કરે અને ચરકથી બગાડી મૂકે. તેના એકધારા કચ કચ કચ કરતા અવાજથી ઘોડિયા પર બાંધેલા ઘૂઘરા કે ડબલામાં ભરેલી કોડીઓ ખખડે તેમ આખું ઝાડ ખખડતું લાગે. કલબલ કલબલ અવાજ આવ્યા જ કરતો હોય. પાંદડે પાંદડે ફરતી જાય અને કચ કચ કરતી જાય. તેના હલનચલનથી જાણે આખું ઝાડ સળવળતું દેખાય.

ખેતરમાં પડે ત્યારે પાક સાફ કરવા લાગે. ખેડૂતો પાસે જઈને ઉડાડે તોયે ઊડે નહિ તેવો હિંમતવાન સ્વભાવ. ઊડે તોયે થોડે દૂર જઈને બેસે તેટલું જ. ધક્કા મારો તોયે બહાર ન જાય તેવી. તેને ઉડાડવા માટે ખેડૂતોને ખાસ ટોયા રોકવા પડે છે. પણ ટોયાઓને તે ભાગ્યે જ ગાંઠતી હોય છે. ગોફણોમાંથી પથ્થરના ઘા પર ઘા પડયે જતા હોય છતાં તે તો દાણા ખાધે જતી હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતરમાં દાણા પાકે ત્યારથી પાક ખેતરમાંથી ઊપડી જાય ત્યાં સુધી તેની આ રંજાડ ચાલુ જ રહે. ખેડૂતોને આ વૈયાં જેટલું નુકસાન કરે છે તેટલું બીજાં પંખી કદાચ નુકસાન નહિ કરતાં હોય. જુવારના લોથેલોથાને તે સાફ કરી નાખે.

તે પોતે પાકને ઘણું નુકસાન કરે, પણ તીડનાં ટોળેટોળાં ઊતરી પડે ત્યારે તેને સાફ કરવામાં તે મોખરે રહે છે. તીડનાં ટોળાં પાછળ વૈયાંનાં ટોળાં ઊડયા કરતાં હોય અને તીડને લાખોની સંખ્યામાં સાફ કરતાં જતાં હોય.

ખેતરમાંથી ઉડાડે ત્યારે પીલુડીના ઝાડ પર એ ટોળે વળીને ભમતી હોય. પીલુડીના ઝાડને ગજવ્યા કરે અને તેનાં ફળ ખાધા કરે. વૈયાંની સાથે ત્યાં આપણી કાબર અને બબ્બઈ પણ પહોંચી જાય. ચિત્રવિચિત્ર રંગોથી બનેલા તે શંભુમેળામાં સૌ ઉપર-નીચે જતાં-આવતાં હોય અને સુંદર દેખાવ ઊભો કરતાં હોય.

આપણે ત્યાં પરદેશથી તે જૂન-જુલાઈમાં આવે છે અને એપ્રિલ-મે માસ આસપાસ ચાલી જતી દેખાય છે. આ રીતે તે બહાર દેશાવર કરતાં હિંદમાં જ વધારે રહે છે. છતાં શા માટે એટલા વખત માટે એટલે બધે દૂર ઈંડાં મૂકવા અને બચ્ચાં ઉછેરવા ચાલી જતી હશે ? કદાચ તે પ્રદેશમાં તેનો જૂનો વસવાટ હોય તો ના નહિ. વતનની પ્રીત કોને નથી ખેંચતી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂળિયાં શોભાવતાં
પારેવાં



પાળે ઘૂમે પારેવડાં, પારેવાં લ્યો;
મઢીએ ઘૂમે મોર, માનાં જન્મ્યાં !
પારેવાં લ્યો.....

પાળે જ શા માટે, ફૂળિયામાં ને ઓસરીમાં–ઘરમાં ને ઘર માથે ઘૂમતાં અને રાતદિવસ આપણાં દોસ્ત બની રહેતાં આ પારેવાંનાં લોકસાહિત્યનાં ગીત કાં ન મળે ? સ્વભાવે તદ્દન શાંત, કોઈની સાથે ઝઘડવું નહિ, પોતાના કામથી કામ–એવાં પારેવાંને કોણ યાદ કરે ? પણ કોઈ એનાં ગીત ભલે ન રચે, લોકો એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનનાં બ્રાહ્મણ તો કહેજ છે ને? ને તેથી તો પારેવાંને કોઈ મારતું નથી.

પારેવાં વિષે એક વાત કહેવાય છે કે—જૂના સમયમાં અનાજ તો પારેવાં જ ખાતાં, માણસજાત તો શિકાર કરીને માંસ જ ખાતી. પારેવાંએ માણસજાતનું દુઃખ જોયું અને ભગવાનને અરજ કરી માણસજાતને અનાજ આપ્યું. માણસોએ ઉપકારવશ થઈને પારેવાંને રોજ ચણ નાખવાનું ભગવાનને વચન દીધું.

આ બધાને અંતે ભગવાને પારેવાંને વરદાન દીધું કે સવા પહોર દિવસ સુધી અનાજને બદલે કાંકરી ખાશો તોયે તમને પચી જશે. કદાચ માણસો પારેવાંને ચણ નાખવાનું ભૂલી જાય તોયે વાંધો ન આવે એટલે જ ભગવાને વરદાન દીધું હશે ને?

આ કારણે તો ભાવિક લોકો સવારના પહોરમાં, દિવસ ઊગ્યા પહેલાં જ, ચણ નાખવા નીકળી પડે છે.

*અસળ ધાન આરોગતાં, પારેવાં હ્યો;
ભૂખ્યાં કાંકર ખાય, માનાં જન્મ્યાં!
પારેવાં હ્યો.....

કાંકરી ખાવાની આ વાત વૈજ્ઞાનિક રીતે પણ સાચી છે. એને કલ્પના ન માનતા હો? પારેવાંનું પેટ ચીરતાં એમાંથી કાંકરીઓ મળી આવે છે—શા માટે તેઓ કાંકરા ખાતાં હશે?

વાત એમ છે કે પંખીનું જઠર જાડા ચામડાનું બનેલું હોય છે, ને તેની અંદર બે ગાદલીઓ હોય છે. એની વચ્ચે આવેલ

*શ્રી. ઝવેરચંદ મેઘાણીએ રચેલ 'પારેવાં હ્યો' નામનું 'વેણીનાં ફૂલ'માં આપેલું ગીત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક ઘંટીના પડની જેમ દળાય છે. એ વખતે પારેવાંએ આધેલ કાંકરીઓ ખોરાક દળવામાં મદદગાર બને છે. જો કાંકરી આધી ન હોય તો ખોરાક દળવામાં અને પચાવવામાં મુશ્કેલી પડે. આ રીતે ખોરાક દળાયા બાદ જ આંતરડામાં મોકલાય અને તેમાંથી લોહી વગેરે થાય.

સવારનો પો'ર હોય, ઠંડો વાયરો વાતો હોય, લોકો હજુ દાતણ કરતાં હોય, અને ઘરમાંથી ડોસા કે ડોસીમા નાના એવા ઠામમાં ધોળી શંખલાં જેવી જાર લ્યે અને પાસેના ચોકમાં કે ચબૂતરે ચણ નાખવા જાય.

નાનાં બાળક પણ ચણ નાખવા સાથે જાય. મા–બાપના હાથમાંથી જાર લઈને પોતેય ચણ નાખે અને પારેવાંને 'તી.... તી'....કરતાં બોલાવે.

બેની બાએ.....બોલાવિયાં.....પારેવાં લ્યો,
તી...તી...તી...તી બોલે, માનાં જન્મ્યાં !
પારેવાં લ્યો...

ચબૂતરો અને ચણ એ તો આપણાં ગામડાંનાં ધાર્મિક નિશાન. હજી પણ ગામડાંમાં કોઈએ કાંઈ ગુનો કર્યો હોય તો પંચ પરમેશ્વર સજા તરીકે પારેવાંને અમુક પાલી કે મણ ચણ નાખવાનું કહીને છોડી દે. ચણ ખાતાં પારેવાંના ચબૂતરા પાસે કોઈથી બંદૂકનો અવાજ ન કરાય, પાણીનો ઘા ન થાય, જોરથી અવાજ પણ ન કરાય. ગામડાંમાં એનું સ્થાન ચોરા જેવાં ધાર્મિક સ્થાન સાથે જ અંકાય.

ચોરે પ્રભુનાં ગીત ગાતા પટેલિયા;
ચબૂતરે પારેવડા જી...રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાંશાં ગામડાંના નાના વિસામા;
ચોરો ને બીજો ચબૂતરો જી...રે

સવારના પો'રમાં ચબૂતરે ભાતભાતનાં પંખી ભેગાં થયાં હોય તેમાં પારેવાંનો આરોવારો નહિ. ચકલાં ને કાબર આવે, કાગડા ને મોર આવે, ક્યારેક પોપટ પણ ચડી આવે. સવારના ટાઢા પો'રમાં ચણ ખાતાં પંખીઓ ચબૂતરા પર મહામેળો રચે–પણ એ બધાંની વચ્ચે વિશેષે ઘૂમનારાં તો પારેવાં જ.

ચબૂતરેથી ઊડીને પારેવાં ફળિયે ફળિયે પહોંચી જાય. ઘુ.... ઘુ....કરતાં જાય, ફટ્ ફટ્ પાંખો ઉડાડતાં જાય અને જમીન પર પગલીઓ પાડતાં જાય. એ પગલીઓથી આખા ફળિયાને અવનવી ભાતની ફૂલગૂંથણીથી ભરી દે.

આંગણિયે પગ પાડતાં, પારેવાં લ્યો !
ધૂળમાં ગૂંથે ફૂલ, ભાનાં જન્મ્યાં, પારેવાં લ્યો.

પારેવાંનો રંગ પણ સાદો છતાં મનોહર. તેર ઇંચ જેવડી ભરાવદાર કાયા, આખા શરીરનો રંગ આંખોને જરાક ભડકાવે તેવો વાદળી, પાંખને છેડે બે કાળા લીટા–ઊગતા ચિત્રકારે જાણે ચીતરવા પ્રયત્ન કર્યો હોય અને આડા બે પટા મારી દીધા હોય તેવા. પૂંછડીના છેડા સહેજ કાળાશ પડતા. પેટ અને પૂંછડી નીચેનો રંગ જરા ફૂદિયો.

પણ એની રંગશોભા તો એની ડોક, ચાંચ, આંખ અને પગમાં જ. ચાંચ જોઈ હોય તો સ્લેટિયા રંગની, પણ એના મૂળમાં ઉપરના ભાગે સફેદ ટપકું. ટપકું જરા ઊપસી આવેલું એટલે સફેદ મોતી પરોવ્યું હોય એવું જ લાગે. આંખ જુઓ તો લાલ રંગની. વચલી કીકીનું આછું ટપકું પડે ખરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ ઘેાળાં, પાંચ વાદળી, પારેવાં હ્યેા !
આંખડી રાતી ચેાળ, માનાં જન્મ્યાં, પારેવાં હ્યેા.

પણ પારેવાંનું સૌન્દર્ય તેા નીતરી ગયું છે એની ડેાકમાં જ. મેારને કળા, કૂકડાને માંજર તેમ પારેવાંનું રૂપ એની ડેાકમાં. વાદળી રંગ પર જરાયે ભડકા કર્યા વગર ધીમે ધીમે જાળીમાં લીલેા રંગ પથરાઈ ગયેા હેાય અને એના પર જાંબુડિયા રંગની ઝાંય પાડે. જાંબુડિયેા રંગ ખરેા પણ ભારે ચળકતેા. આસપાસ એ ચળકતા રંગના જાણે ઓછાયા પડે.

ઘણડ....કું....ઘણડ...કું એવી ઘુઘવાટી કરતું નર–પારેવું ગળું પુલાવીને પારેવી પાસે ચકરાવા લઈ નૃત્ય શરૂ કરે છે ત્યારે એના ફૂલેલ ગળામાંથી લીલેા રંગ પણ ખીલી ઊઠે છે અને જાંબુડિયેા રંગ ચમકારા મારે છે. એ રંગેા પર સૂર્યનેા પ્રકાશ પડે એટલે થઇ રહ્યું. લીલેા અને જાંબુડિયેા રંગ જાણે સૂરજ-મહારાજનાં કિરણ–બાળ સામે રંગની છાલકેા ફેંકે છે–જેમ બરફ-ના ચકચકિત કણેા સૂરજનાં કિરણેાને વધુ પ્રકાશિત કરીને પાછાં ઠેલે તેવી જ રીતે.

ઘેરું ઘેરું કાંઇ ઘૂઘવે, પારેવાં હ્યેા !
લીલી ફુલાવે ડેાક, માનાં જન્મ્યાં, પારેવાં હ્યેા.

એના આવા સાદા રંગભર્યા દેહને કેસરિયા કે નારંગી રંગે શેાભતા નાના નાના પગ ઉપાડે. ટપ ટપ પગલાંઓ પાડતાં, સવારથી સાંજ સુધીમાં એ આપણા આંગણામાં અનેકવિધ ચિતરામણ રચી જાય. આવા રૂડા પગ અડવા હેાય તેા કાંઈ શેાભે ? તેથી તેા ઘણા પારેવાંના પ્રેમી લેાકેા ઝીણી ઝીણી ઝાંઝરીઓ ઘડાવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારેવાંને પહેરાવે છે. ઘૂઘરિયાળા પગે ચાલતાં ઠુમક–ઠુમક એવા ઠમકારા કરતાં જાય ને આંગણાને સંગીતથી ભરતાં જાય.

ઝીણી ઝીણી ચાર ઝાંઝરી, પારેવાં હ્યેા !
ઘૂઘરિયાળી ઘડાવેા, માનાં જન્મ્યાં, પારેવાં હ્યેા.

સવારથી સાંજ સુધી એકધારું એક જ જીવન–જમીનમાંથી ગેાતી ગેાતીને અનાજના કણ ખાવા, સામસામા ઘુઘવાટ કરવા અને ઝડપી ગતિથી ઊડવું. કેટલાંક પારેવાં સવારનેા વખત ભલે રહેઠાણ પાસે ગાળે, પણ મેાટા ભાગનાં પારેવાં તેા ટેાળે વળીને વગડામાં ચાલ્યાં જાય, ખેતરે ખેતરે ભમ્યા કરે, અને અનાજના કણ ખાધા કરે.

પારેવું મેાટે ભાગે કણ–ભેાગી હેાઈને ખેતરના પાકને નુકસાનકારી ગણાયું છે. જીવાતને ખાતું એ નજરે બહુ ચડયું નથી તેથી આપણા લેાકેા એને અહિંસક માને છે, પણ ખરી રીતે તેા એ ચણતાં ચણતાં નાની જીવાત પણ ખાય છે જ.

પારેવાં બધાં સાથે રહે, છતાં નર અને માદા સાથે જ ફર્યાં કરે. સાંજને સમયે ટેાળામાંથી જુદાં પડે ત્યારે નર–માદા પેાતાના મૂળ રહેઠાણે સાથે ચાલ્યાં જાય. પારેવાં વિષે લેાકેા માને છે કે એનું એકવાર જોડું બંધાઈ ગયા પછી આખી જિંદગી છૂટું ન પડે. વૈજ્ઞાનિક રીતે પણ આ વાત સાચી છે.

જોડલું જાદું થાય નહિ, પારેવાં હ્યેા.....
રેાજ પારેવી સાંગ, માનાં જન્મ્યાં, પારેવાં હ્યેા.

બાકી પારેવું મેાટે ભાગે ટેાળામાં જ રહે, ઊડે પણ ટેાળામાં જ, એવું એ સમૂહચારી પંખી છે.

આખું ટેાળું ઊડતું હેાય ત્યારે એના ઉડ્ડયનની શેાભા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચા રૂપમાં ખીલી ઊઠે. એમ તો કાગડા અને કાબરો પણ સમૂહમાં ઊડે છે, અને પોપટ પણ સમૂહમાં ઊડે છે, પણ એક સાથે ઊડતાં કોઇ પંખી વાદળાનો જ ખ્યાલ કરાવે અને જમીન પર વાદળ જેવો છાંયો પાડતાં જાય એ તો પારેવાં જ. ધૂમરી લઈ લચક લેતાં જાય—જાણે પહોળો પહોળો ચંદરવો ઝૂલતો હોય તેમ વચમાં ઝોળો પાડતાં જાય અને વળાંક લેતાં ચકરાવા રચતાં જાય. ગમે ત્યાં સુધી એ ઉડ્ડયન જોયા કરો ને, એની મનોહારિતા ઓછી નહિ થવાની.

આભને આરે ઊડતાં, પારેવાં હ્યો !
પોઢતાં ધરતીમાંય, માનાં જન્મ્યાં, પારેવાં હ્યો.



આભને આરે ઊડતાં પારેવાં

પારેવાની ઊડવાની ગતિ જ વેગીલી. ધીમે ઊડે એ પારેવું જ નહિ. જરાક ઊડે તોયે કાંઈક કામસર જ નીકળ્યું હોય તેમ જ લાગે. એકલું પારેવું ઊડ્યું જતું હોય તો આપણને એ અડવું અડવું જ લાગે. તેને જોઈને એમ જ વિચાર થાય કે તે જાણે એના ટોળા સાથે ભળી જવા જોરથી ઊડી રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના આ સમૂહચારી સ્વભાવની એક વાર્તા પંચતંત્ર નામના વાર્તા-પુસ્તકમાં પણ છે. એક શિકારીએ પાકથી ભરેલા ખેતરમાં જાળ નાખેલી. યુવાન પારેવે એ ખેતરનો પાક જોયો ને પોતાના ટોળાને તેના સમાચાર આપ્યા. ઘરડે પારેવે ના પાડી છતાં સૌ પારેવાં ત્યાં ચણવા ગયાં જ.

ખેતરે જઈને ચણવા બેઠાં એવાં જ જાળમાં સપડાયાં. ઘરડે પારેવે સલાહ આપી કે તમે સૌ એક સાથે ઊડો. બધાં એક સાથે ઊડયાં અને ભરાયેલી જાળ પગ સાથે ટિંગાતી આવી. એક સાથે ઊડતાં ઊડતાં તેઓ પોતાને રહેઠાણે ગયાં અને તેમના મિત્રો ઉંદરને બોલાવી બધી વાત કરી. ઉંદરે જાળને કાપી આપી અને બધાં પારેવાં આ રીતે શિકારીના પંજામાંથી છૂટ્યાં.

પારેવાંનું ટોળું હજારોનું હોય છતાં બાજની પાંખ ફરકે ત્યાં બધાં લીધે શ્વાસે ભાગી છૂટે. રઘવાયાં થતાં નાસવાની દિશા ભૂલી જાય અને બાજની સાથે જ ભટકાઈ પડે. ગ્રીં....કગ્રીં....કરતો બાજ સહેજે એક-બે પારેવાંને પકડી-પીંખી ખોરાક મેળવીને ચાલ્યો જાય. એમાંથી મરે તો એક-બે પારેવાં જ, પણ એકેએક પારેવાના મોઢા પર જાણે પોતે જ મરી ગયું ન હોય તેવો ડર પથરાઈ જાય.

મોટે ભાગે બાજ પારેવાં પર જ નભતો હોય છે. દિવસમાં એકાદ વખત પારેવાંના ટોળા પર તૂટી પડે એટલે એને આખા દિવસનો ખોરાક મળી જાય. સવારના પહોરમાં બાજ કે ઘોળવો ગરુડ પારેવાંના ટોળા પર હલ્લો કરે અને કલાક-દોઢ કલાક સુધી પાછળ પડીને રગડ્યા કરે. પારેવાંનાં રહેઠાણની આસપાસ જુઓ તો એમનાં વાદળી લીસાં લીસાં અનેક પીછાંઓ ઊડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય. બાજના રહેઠાણની આસપાસ પણ પારેવાંનાં પીંછાંનો ઢગલો પડયો હોય છે તે પણ આ કારણે.

આવાં ગભરુડાં પારેવાં ઘણાનો ભોગ થઈ બેઠાં છે. અતિ ઝડપે ઊડી જતાં પારેવાંનું નિશાન તાકવું એ શિકારીઓમાં હોશિયારીનું સ્થાન ગણાયું છે. કોળી–વાઘરીનાં છોકરાં છત્રીના સળિયાનાં તીરકામઠાં કરી નિશાન તાકવાનું પ્રથમ પારેવાં પર શીખે છે. આ રીતે પારેવાંને મારી નાખ્યા પછી તેઓ ત્યાં ને ત્યાં જ એના પગ શિંગની પેઠે કાચા ને કાચા ખાઈ જતા હોય છે. પારેવાંનું માંસ આવું માંસાહારીઓમાં મધુર ગણાયું છે. એનું માંસ ગરમ હોઈ સંધિવા કે પક્ષાઘાતમાં પણ આવામાં આવે છે.

પારેવાંની હગાર પણ ખૂબ જ ગરમ ગણાય છે, અને તેથી પાકેલું ગૂમડું ફોડવા એની હગારનો લેપ કરવામાં આવે છે. વાળા જેવા ગંભીર રોગનો નાશ કરવા પણ મધ સાથે પારેવાની હગાર અપાય છે.

પણ આ તો એનો તદ્દન છૂટક ઉપયોગ. ઇરાન–અફઘાનિસ્તાન જેવાં રાજ્યોની સરકારો તથા પ્રજા પારેવાંને એક સાથે મારીને તેનું ખાતર કરાવે છે, કારણકે એના ખાતરથી તરબૂચ ઘણાં સારાં થાય છે.

બાજ અને શિકારીઓનો ભોગ બની બેસતું પારેવું બિલાડીઓનો પણ એટલો જ ભોગ થઈ પડે છે. મકાન પર કે ઝાડ પર, રસ્તામાં કે ફળિયામાં ફરતા પારેવા પર છલંગ મારીને અચાનક બિલાડી કૂદી પડે છે, પારેવાની ડોક પકડી લ્યે છે. અને લોહીથી ટપકતા પારેવાને ઉપાડીને ચાલતી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ત્યાં મનાય છે કે બિલાડી પારેવા પર ઝપટ મારે છે ત્યારે પારેવું ધૂળમાં માથું ભરાવી દે છે. પોતે બિલાડીને જોતું નથી તેથી બિલાડી પણ તેને જોતી નથી એવી મૂર્ખ કલ્પના એની પાછળ છે, પણ આ વાત સાચી નથી. બિલાડીના ભયને લીધે એ હાંફળુંફાંફળું થઈને ઊડી જવાની શક્તિ ગુમાવી પડયું રહેતું હોય તો ના નહિ.

પારેવાં રહે સમૂહમાં જ. એનાં રહેઠાણ જોવાં હોય તો આપણા કોઈ પણ સાર્વજનિક મોટા મકાન તરફ નજર ફેંકજો. શાળા, કોર્ટ, ધર્મશાળા કે દરબારગઢ–મોટાં મકાન ભાળ્યાં કે પારેવાંએ રહેઠાણ કર્યું જ છે. હજારોની સંખ્યામાં તેઓ ત્યાં રહેવા લાગે.

સવાર–સાંજ છાપરા પર જ્યારે બધાં પારેવાં એક સાથે મળી બેઠાં હોય ત્યારે નળિયાંને તદ્દન ઢાંકી દ્યે–આખું મકાન પારેવાંથી જ જાણે છાયું હોય એવો દેખાવ ઊભો કરે. હજારો પારેવાં અંદર અંદર ફર્યા કરતાં હોય ત્યારે નળિયાંને જીવ આવતો હોય એમ જ લાગે. હજારો વાદળી પારેવાંમાં ઘૂમતાં દસ–બાર સફેદ કે કાબરચીતરાં પારેવાં નવીન ભાત ઊભી કરે છે. ઘડીક દેખાતાં ને ઘડીક સંતાઈ જતાં એ પારેવાં દરિયામાં કોઈ સફેદ તરવૈયા ડૂબકી–દા રમતા હોય તેવો દેખાવ ખડો કરી દ્યે છે.

મોટાં મકાનો પર ધામો નાખી બેઠેલાં પારેવાં મકાનની બારીઓ પર, ગોખલા પર કે અંદરના ઘોડિયાટ પર ભરાઈ બેસે છે. કોર્ટમાં હમેશ સાંજ પડયે પટાવાળાને અને શાળામાં વિદ્યાર્થી-ઓને પારેવાંને બહાર તગડવાનું કામ વધી પડે છે. નાના વિદ્યાર્થી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને તો એમાંથી રમત મળી જાય છે. હો....લ્લા....હો કરતા વિદ્યાર્થીઓ ઠેકડા મારતા હોય, પારેવું એક છેડેથી ઊડી બીજે છેડે બેસતું હોય, અને ફફડાટ કરતું પીંછાં ખેરવતું હોય. માંડ કલાકે બહાર નીકળે. જો અંદર રહી જાય તો બંધ બારણે ગૂંગળાઈને મરી જાય.

પડતર મકાનો, અવાવરુ કૂવા વગેરે એનાં રહેઠાણનાં સ્થાન. ગમે ત્યારે જાઓ તો અંદરથી ઘુ....ઉ....ઉ....ઘુ...ઉ....ઉ એવો ઘોર ઊઠતો હોય અને ચકરાવા લઈ ઘેરા ઘેરા પડછંદા પાડતાં હોય. અવાવરુ કૂવાને પીંછાં, ચરક અને માળાના કચરાથી વધારે ગંદા અને ગોબરા કરી મૂકતાં હોય તો તે પારેવાં જ. વપરાતા કૂવાની બખોલોમાંયે તે ભરાઈ બેઠાં હોય. કોસમાંથી પાણી ટપકતાં હોય એની નીચે એ માળા બાંધતાં હોય અને કૂવાને કચરાથી ભરી બગાડી મેલતાં હોય.

એનો વાવ–કૂવા માટેનો આવો પ્રેમ જોઈને એના પ્રેમીજનો કે ભકતલોકો કૂવાની અંદર દીવાલોમાં પારેવાં બેસીને માળો બાંધી શકે અને ઈંડાં ઉછેરી શકે તે માટે ખાસ કંડારેલા ગોખલા મુકાવે છે.

શાળાઓ અને કોર્ટના એકાદ ખણામાં નાનો સરખો આધાર મળે તો એણે માળો બાંધવા માંડ્યો જ હોય. શિક્ષક વિદ્યાર્થીઓને અટપટા વિષય શીખવતા હોય કે બડા ન્યાયાધીશ સાહેબ ગંભીર મુખ રાખી ન્યાય તોળતા હોય ત્યારે ઉપર ખૂણામાં ભરાઇ બેઠેલ પારેવાં ઘુ....ઉ....ઉ...ઘુ....ઉ....ઉ ના પડછંદા પાડ્યા કરતાં હોય–જાણે અંતરમાંથી ઘૂંટી ઘૂંટીને અવાજને ઘેરો કરતાં જતાં હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘુ....ના રણકાર સાથે ટેબલ અને પાટલીઓ પર માળો બાંધતાં બાંધતાં સળીઓનો મેઘ વરસાવતાં હોય છે. બીચારો પટાવાળો અવાજ કર્યા વિના પારેવાને ઉડાડવા ઘણો પ્રયત્ન કરે, પણ પારેવું તો લહેરથી પોતાનું કાર્ય કરતું બેઠું જ રહે. આજુબાજુ ગમે તેટલા માણસો ફરતા હોય તોય એને માળો બાંધવામાં કે ઇંડાં સેવવામાં કદીયે કશો વાંધો આવતો નથી.

માળો ટેકવવા એને જરા જેટલીક જગ્યા મળે એટલે બસ. ઝાડ પર એ માળો બાંધતું જ નથી, પરંતુ મોટાં મકાનોમાં અંદરનાં ઘોડિયાટ કે વળીઓ પર, થાંભલા પર કે ગોખલામાં એ માળો બાંધે છે. ભાડિયા કૂવાની અંદર જેટલી બખોલો મળી આવે તેનો એ ઉપયોગ કરી નાખે છે. માળામાં મોટે ભાગે લીમડાની સળીઓ વધારે મળી આવે.

જો જગ્યા સગવડવાળી હોય તો સળીઓ ગૂંથીને માળો બનાવે, નહિ તો પછી આડીઅવળી સળીઓ નાખી ગમે તેમ માળો ગોઠવી કાઢે. જરાક જેટલો ધક્કો વાગે અને માળો વીંખાઈ ને નીચે જઇ પડે એની પારેવાને પરવા નથી. ભલેને અંદરથી ઇંડાં પડી જાય–એકવાર ઇંડાં પડી જાય તો ફરીને ઇંડાં મૂકી દે, પણ માળો સારો કરવાનું એને સૂઝે જ નહિ.

સમૂહમાં રહેતું પારેવું ઇંડાં મૂકતી વખતે અને બચ્ચાં ઉછેરતી વખતે બબ્બેના જોડકામાં મળી છે.

સામાન્ય રીતે પારેવાં એકી વખતે સાથે બે ઇંડાં મૂકે છે, પણ ઇંડાં તો આખું વરસ વખતોવખત મૂકયા જ કરે. કેટલીક વાર તો આગલાં બચ્ચાં હજી મોટાં ન થયાં હોય ત્યાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પારેવીએ બીજાં ઈંડાં મૂકી દીધાં હોય અને એને સેવવા પણ બેસી ગઇ હોય.

પારેવાંનો આટલો શિકાર થયા છતાં તે ઘટતાં નથી તે એની આ સતત ઈંડાં મૂકવાની શક્તિને લીધે. પારેવાંની ઉંમર લગભગ વીસ વર્ષની આસપાસ ગણાય છે.

પણ પારેવી ઈંડાં સેવવા બેસે તે એના જીવનનું સૌથી સુંદર અને મનોહારી દૃશ્ય છે. ઈંડાં મૂકયાં એટલે પારેવી એની પાસેથી બસવાની જ નહિ–આઠે પહોર અને બત્રીસે ઘડી ઈંડાં પર જ બેઠી હોય, કયારેક જરાક ઊંચીનીચી થાય એટલું જ માત્ર હલન-ચલન. ઘુઘવાટ પણ શાન્ત હોય. આખા મોઢા પર કે શરીર પર એક જ ભાવ દેખાય–માના પ્રેમનો. બચ્ચાં પ્રત્યે માતાનો ભાવ કેવો હોય છે એ જોવું હોય તો ઈંડાં સેવતી પારેવી તરફ નજર નાખી જોજો–જીવનમાં જાણે એને કશું જ કામ નથી, કશી ચિન્તા નથી. એક જ કામ છે અને તે ઈંડાં સેવવાનું.

નર–પારેવું આવે ને ઈંડાં પર બેસે ત્યારે ઘડીક વાર પારેવી ઊડે ખરી. એટલા વખતમાં દોડાદોડ જઈને બહારથી થોડો ચારો કરી આવે, પણ એ તો ગઈ કે પાછી આવી જ છે. ઈંડાં સેવવા બેસે પછી એની પાસે પાણી કે ચણ મૂકીએ તોપણ તેને એ અડે નહિ. જેટલો વખત ઈંડાંનું સેવન ચાલે ત્યાં સુધી એનું આવું એકધારું જીવન ચાલ્યા કરે.

ઈંડાંમાંથી બચ્ચાં બહાર નીકળે ત્યારે તેમની આંખો તદ્દન બંધ હોય અને શરીર પર જરા પણ રુવાંટી ન હોય, તદ્દન નાગી ચામડી જ દેહ પર હોય. શરૂઆતના દિવસોમાં એનાં મા–બાપ એમનાં મોઢાંમાંથી નીકળતો દૂધ જેવો પદાર્થ બચ્ચાંને બવરાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જાતનું કૂધિયું બચરાવવાની ટેવ પંખીવર્ગમાં માત્ર પારેવાંની જાતને જ છે. બચ્ચાં ચણ ખાતાં થઈ જાય ત્યાર પછી પણ એમને માબાપ ચણ સાથે કૂધિયું ભેળવીને આપતાં હોય છે. બચ્ચાંને બચરાવવાની એની રીત પણ બીજાં પંખીઓથી જુદી જાતની. બીજાં પંખીઓ બચ્ચાંને બચરાવે ત્યારે તેઓ બચ્ચાં મોં ઉઘાડે તેમાં ચણ મૂકે, પણ પારેવાંમાં એથી ઊલટું: તેમાં મા-બાપ મોં ઉઘાડે તેમાંથી બચ્ચાં ચાંચ નાખીને બોરાક પોતાની મેળે ખાઈ જાય.

આપણું આ વાદળી પારેવું આખા હિંદમાં ઠેરઠેર રહે છે. આ પારેવું જ હિંદનાં લગભગ બધાં પારેવાંનું પૂર્વજ મનાય છે. પારેવાનો મૂળ જાતિસ્વભાવ ઘણો ભડકણો ગણાય છે, પણ આ પારેવું તો આપણી સાથે બીક છોડીને તદ્દન ભળી ગયું છે-હજી એનાં સગાં બીજાં પારેવાં માણસ પાસે ફૂકતાં નથી.

પારેવાનું બીજું નામ કબૂતર. કબૂતર તો ફારસી શબ્દ છે, પણ આપણે ત્યાં એ શબ્દ પૂરેપૂરો ચલણી થઈ ગયો છે; છતાં સામાન્ય લોકોની જીભે ચડી ગયેલું નામ તો પારેવાં જ. એનું બીજું ફારસી નામ પરીન્દા.

આપણે આંગણે આંગણે ઘૂમતાં આ પારેવાં અને વગડે વગડે ભટકતો હોલો બંને એક જ વર્ગનાં પંખી છે. એમનાં બંનેનાં શરીરનું ઘડતર, રહેણી-કરણી અને બચ્ચાંને બચરાવવાની રીત પણ એકસરખાં જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. હરિયાળ

તમને થશે કે આ પારેવાંની વાતો તો ઘણી મજાની, એનો સાદો રંગ આંખોને ન ભડકાવે તે વાત પણ સાચી, પણ ઘડીક વાર જોવાનું મન થઇ જાય એવા સુંદર અને પ્રકાશિત રંગો પારેવાંમાં કયાં છે ? તમારી વાત સાચી છે. આપણે ઘેર ઘેર હરતાં–ફરતાં આ વાદળી પારેવાંમાં એવા રંગ નથી હોતા, પણ એનાં પિત્રાઈ હરિયાળ નામનાં પારેવાંએ ઘણા સુંદર રંગ પોતાના દેહ પર પકડી લીધા છે.

પણ જાણે એને પોતાના રંગ પર મોહ થઈ ગયો હોય તે કારણે લોકોની વસ્તી વચ્ચે એ વસતું નથી. જાણે એના રંગો સાચવવા એણે ઝાઝાં ઝાડ અને વનરાજીવાળા પ્રદેશો પસંદ કર્યા છે. તમારે એનું સૌન્દર્ય નીરખવું હોય તો એવા પ્રદેશમાં જવું પડે ને ભટકી ભટકીને ઝાડ સાથે એકરંગ થઇ ગયેલાં એ હરિયાળને શોધવાં પડે. એનાં દર્શન મોંઘામૂલાં છે.

આપણા પારેવાનો મુખ્ય રંગ વાદળી, ત્યારે આ હરિયાળનો મુખ્ય રંગ લીલો અને પીળી ઝાંયવાળો. એનું માથું સહેજ પીળું પણ ડોક અને છાતી તો ચળકતાં પીળાં. ગળા આસપાસ ભૂખરો પટ્ટો હોય. એની પાંખો શરૂઆતમાં પીળી, પછી લીલી, ત્યાર પછી છેવાડે કાળા જેવી દેખાય, પણ છેલ્લાં પીંછાં તો અત્યંત પીળાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટ અને પાંખો નીચેનો ભાગ ભૂખરો હોય છે, જે પીળી છાતીથી એકદમ જુદો તરી આવે છે. પાંખ નીચે નારંગી પટ્ટા, વાદળી આંખ આસપાસ ગુલાબી કૂંડાળું, ચાંચ મૂળમાં જાડી અને લીલાશ પડતી. એની ચાંચની જાડાઈથી તે આપણા પારેવાથી એકદમ જુદું તરી આવે છે. પગ પણ નારંગી.

આવા વિવિધ રંગે શોભતું આ હરિયાળ જમીન પર ભાગ્યે જ ઊતરે છે. જમીનના ભૂખરા રંગ પર બેસવામાં તેને નાનપ લાગતી હશે. ફળનો જ આહાર કરે અને ઝાડ પર જ રહે. ઝાડનાં પાંદડાં સાથે રંગ એવો ભળી જાય કે હજારો હરિયાળ ઝાડ માથે બેઠાં હોય પણ અવાજ ન કરતાં હોય.

ઊડવામાં તો આપણાં પારેવાં જેવાં જ વેગીલાં. પણ તેઓ ભારે આળસુ—ઠેઠ પાસે જઈને ન ઉડાડીએ ત્યાં સુધી ઊડે જ નહિ. પાણી પીવાયે નીચે ન ઊતરે. ફળફળાદિમાંથી જ જોઈતો ભેજ મેળવી લ્યે. ખાસ કરીને એને વડના ટેટા અને પીપળા—પીપળાની ટેટીઓ બહુ ભાવે, આથી તેઓ ઉત્તર હિંદનાં વડ—પીપળાનાં ઝાડોમાં હજારોની સંખ્યામાં વસે છે.

ઝાડ પરના એના કાયમી વસવાટને કારણે એના પગ ભારે મજબૂત થઈ ગયા છે. ઝાડની ડાળીઓ પરથી ચોપટની પેઠે લહેરથી ફરતાં હોય છે. કાયમી ઝાડ પર વસવા છતાં જરૂર પડયે બીજાં પારેવાંની જેમ જ એ સારી પેઠે ઊડી શકે છે, પણ પસંદ કરેલ ઘટા તે એકદમ છોડતાં નથી.

પંખીઓને ઊડ્યા બાદ નીચે ઊતરવું હોય છે ત્યારે તેણે નીચેના હવાના દબાણને દૂર કરવા માટે જોરથી પાંખો ફફડાવવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે. આવે વખતે પાંખો ખૂબ ફફડાવવા માટે જોઈએ એટલી જગ્યા હરિયાળને ઘાડી ઘટાઓમાં રહેવાને કારણે મળતી નથી.

ટૂંકી જગ્યામાં થોડાક જ ફફડાટથી ઝાડ પર ઊતરી શકાય તે માટે હરિયાળની પાંખમાં ત્રીજે પીછે એક ચીરો હોય છે. પાંખ નીચેનું દબાણ એ જ ચીરામાંથી હવા પસાર થઈ જતાં ઓછું થઈ જાય છે અને હરિયાળ એકદમ ઊતરી શકે છે. આ ચીરો એને ઘાડી વાંકીચૂંકી ડાળીઓમાં પસાર થતી વખતે હવાના દબાણને ઓછુંવત્તું કરવામાં મદદગાર બને છે.

લગભગ આ જાતની જ સગવડ કરવા માટે એરોપ્લેનની પાંખમાં પણ છેડાના ભાગે ચીરો પાડવામાં આવે છે. આવા ચીરા કોઈ કોઈ શિકારી પંખીઓની પાંખમાં હોય છે.

આપણાં પારેવાંની જેમ જ હરિયાળનો માળો પણ ભાંગેલો-તૂટેલો અને ઢંગધડા વગરનો હોય છે. એ સફેદ ઈંડાં મૂકે છે અને એકધારી શાંતિથી સેવ્યા કરે છે. નાનપણમાં બચ્ચાંને દૂધિયું બવરાવે વગેરે બધો જ વ્યવહાર આપણાં પારેવાં જેવો જ હોય છે. આ હરિયાળનું બીજું નામ હરેવા. એના લીલા હરિયાળા રંગ પરથી જ આ નામ પડયું લાગે છે.

દુનિયાના અનેક પ્રદેશમાં પારેવાં જબરી સંખ્યામાં રહે છે. એક દેશથી બીજે દેશ કે એક પ્રાન્તથી બીજે પ્રાન્ત તેઓ પ્રવાસ કરતાં હોય છે. તેમની જબ્બર સંખ્યા પર તેમનામાં થતા ડિપ્થેરિયા નામના રોગે કાળૂ રાખ્યો છે.

પરદેશી પારેવાંમાં ઑસ્ટ્રેલિયાનું વોન્ગા–વોન્ગા નામનું પારેવું ભારે વિચિત્ર રીતે માળા બાંધે છે. જ્યારે ઈંડાં મૂક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનો સમય થાય ત્યારે પારેવી બેઠી હોય ત્યાં નર-પારેવું એક સળી લઈ ને આવે. પ્રથમ માદાની આસપાસ ત્રણ આંટા મારે. ત્યારબાદ એ સળી પર બેસે ને પછી એ સળી માદાને આપી દે. આ રીતે કલાકો સુધી સળી લાવ્યા કરે અને માદાને આપ્યા કરે. સળીઓ પૂરતી ભેગી થઈ જાય એટલે માદા તેમાંથી માળો બનાવે અને ઈંડાં મૂકે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ

લેખકો
નિરંજન વર્મા · જયભદ્ર પરમાર

આપણી આસપાસ વસતાં અને બાળકોની માંડી બુઢ્ઢાંને સૌ [illegible]ત્ય ને સંગીતથી અહોરાત આનંદ આપતાં ચાલીસ જેટલાં પંખીઓ[illegible] બુણો-કિશોરો રસપૂર્વક વાંચી શકે તેવો વાર્તામય પરિચય આપતી છ [illegible]તકોઓ.

[૧] **આંગણાંનાં શણગાર**—ચીંચીં કરતી ચકલી, ઘૂઘૂ કરતું પારેવું અને કલબલાટ કરતી કાબર તમારાં આંગણાંનો શણગાર છે. એ શણગારનું સૌંદર્ય તમે કદી નીરખ્યું છે ?

[૨] **ઊડતાં ભંગી**—જ્યાં આપણા ભંગીઓનું કામ અટકે છે ત્યાંથી પંખીસમાજનાં કાગડો, સમળી અને ગીધ સાફસૂફીનું ભંગીકાર્ય શરૂ કરે છે. એમનું એ શુભકાર્ય તમે જોયું છે ?

[૩] **વગડામાં વસનારાં**—વગડા, ખેતર અને ગાડામાર્ગો પર કદી રખડવા ગયા છો ? એ સ્થાનોને જીવંત બનાવતાં લેલાં, હોલાં અને લક્કડખોદ તરફ તમારું ધ્યાન ગયું છે ?

[૪] **રૂપરૂપનાં અંબાર**—જેમનાં સૌંદર્ય નીરખવામાં માનવી કદી થાકતો નથી તેવા સૌંદર્યમણિ મોર, પોપટ ને કલકલિયાનાં દર્શન તમે નિકટ જઈને કર્યાં છે ?

[૫] **કંઠે સોહામણાં**—રાતદિવસ લગાતાર સાંભળો તોયે રસ એવાં કોયલ, બપૈયો અને કાળાકોશીનાં ગાન તમે કદી આનંદપૂર્વક સાંભળ્યાં

[૬] **પ્રેમી પંખીડાં**—જોડી તૂટતાં માથાં પછાડીને મરી જતાં ક સારસ, કુંજ અને હંસનાં તમે નિરીક્ષણ કર્યાં છે ?

ચિત્રોવાળા છપ્પે પુસ્તિકાઓ ભાગ ૩. દરેકના

ભારતી સાહિત્ય સંઘ, કોટ, મુંબઈ – અમદાવાદ-

આ છપ્પે પુસ્તિકાના બ્લૉકો વાપરવા આપવા મ
ગામે કાઠિયાવાડ વિ., રાજપૂતના આજની ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar